પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ   વર્ષ : ૨૮   અંક : ૧૪૪   કુલ પાના : ૪   તારીખ : ૧૦-૦૨-૨૦૨૫   સોમવાર   કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97   9712880678   panchmahalsamachar@gmail.com   panchmahalsamachar   panchmahalsamachar   www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## છત્તીસગઢના બીજાપુરના જંગલોમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૩૧ નક્સલીઓ માર્યા ગયા ,બે યુવાન શહીદો

બીજાપુર

ત્રિ-સ્તરીય પંચાયત ચૂંટણી પહેલા, બીજાપુરના નેશનલ પાર્ક વિસ્તારમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એક મોટી અથડામણ થઈ. છત્તીસગઢ-મહારાષ્ટ્ર સરહદ પર પોલીસ સુરક્ષા દળોએ ૩૧ નક્સલીઓને ઠાર માર્યા છે. બે સૈનિકો શહીદ થયા અને બે ઘાયલ પણ થયા. ઘાયલ સૈનિકોને બહાર કાઢવા માટે જગદલપુરથી એમઆઈ-૧૭ હેલિકોપ્ટર રવાના કરવામાં આવ્યું છે. બસ્તર ડિવિઝનના આઈજીપી સુંદર રાજે એક્રાઉન્ટરની પુષ્ટિ કરી છે. માર્યા ગયેલા નક્સલીઓની સંખ્યા પણ વધી શકે છે.



આ એક્રાઉન્ટર બીજાપુરના નેશનલ પાર્ક વિસ્તારમાં થયું હતું. અન્ય નક્સલીઓને પકડવા માટે સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. બીજાપુર ડીઆરજી, એસટીએફ અને બસ્તરના ફાઈટર સૈનિકોએ નક્સલવાદીઓને ચારે બાજુથી ઘેરી લીધા છે. આઈજીએ કહ્યું કે મોટી સંખ્યામાં નક્સલીઓ એકઠા થયા હોવાની માહિતી મળી હતી, ત્યારબાદ ફોર્સને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. સવારથી જ વચ્ચે-વચ્ચે ગોળીબાર થઈ રહ્યો છે. આ નક્સલી કાર્યવાહીમાં નક્સલીઓને મોટું નુકસાન થયું હોવાનું કહેવામાં આવી રહ્યું છે.એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે રવિવારે સવારે ઈન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારના જંગલમાં સુરક્ષા દળોની એક ટીમ નક્સલ વિરોધી કાર્યવાહી પર હતી ત્યારે એક્રાઉન્ટર શરૂ થયું હતું. પોલીસ અધિકારીએ કહ્યું, "પ્રારંભિક માહિતી અનુસાર, એક્રાઉન્ટરમાં ૩૧ નક્સલીઓ માર્યા ગયા." તેમણે કહ્યું કે વિસ્તારમાં હજુ પણ વચ્ચે-વચ્ચે ગોળીબાર ચાલુ છે. ઘટના અંગે વિગતવાર માહિતીની રાહ જોવાઈ રહી છે.છે.સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે જે જગ્યાએ એક્રાઉન્ટર થયું તે બીજાપુર જિલ્લાનો ફરસેગઢ વિસ્તાર છે. અહીં રાષ્ટ્રીય ઉદ્યાનના જંગલને નક્સલવાદીઓનો સક્રિય ગઢ માનવામાં આવે છે. સુરક્ષા દળોને આ વિસ્તારમાં નક્સલવાદીઓની હાજરીની માહિતી મળી હતી. મહારાષ્ટ્રના ડીઆરજી,એસટીએફ અને સી-૬૦ સૈનિકોની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન, નક્સલીઓએ ટીમ પર ગોળીબાર કર્યો, જેમાં ચાર સૈનિકો ઘાયલ થયા. આમાંથી બે સૈનિકો શહીદ થયા છે. જવાબી કાર્યવાહીમાં, ૧૨ નક્સલીઓ માર્યા ગયા છે.અહીં પંચાયતની ચૂંટણીઓ યોજાઈ રહી છે, એવું માનવામાં આવે છે કે નક્સલવાદીઓ તેમને પ્રભાવિત કરી શકે છે. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ પણ સૈનિકોની શહાદત વિશે સાંભળીને દુઃખ વ્યક્ત કર્યું. તેમણે પોતાના ટ એકાઉન્ટ પર લખ્યું, 'બીજાપુર જિલ્લાના નેશનલ પાર્ક વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં અત્યાર સુધીમાં ૧૨ નક્સલવાદીઓ માર્યા ગયાના અહેવાલ છે. આ એક્રાઉન્ટરમાં બે સૈનિકો શહીદ થયા અને બે ઘાયલ થયાના દુઃખદ સમાચાર પણ પ્રાપ્ત થયા છે. સૈનિકોનું બલિદાન વ્યર્થ નહીં જાય. સફળ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને માનનીય કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના નેતૃત્વમાં, આપણું રાજ્ય માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદથી મુક્ત થઈ જશે. આ દિશામાં, સુરક્ષા દળો સતત સફળતા મેળવી રહ્યા છે અને તેમના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. દેશ અને રાજ્યમાં કેન્સર જેવા રોગચાળા સમાન નક્સલવાદનો અંત નિશ્ચિત છે. હું શહીદ સૈનિકોના આત્માની શાંતિ માટે અને શોકગ્રસ્ત પરિવારોને શક્તિ પ્રદાન કરવા અને ઘાયલ સૈનિકો ઝડપથી સ્વસ્થ થાય તે માટે ભગવાનને પ્રાર્થના કરું છું.

છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્માએ જણાવ્યું હતું કે, 'બીજાપુર જિલ્લાના રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં થયેલા એક્રાઉન્ટરમાં ૩૧ નક્સલીઓ માર્યા ગયા છે.' ૨ સૈનિકોએ જીવ ગુમાવ્યા છે. બે જવાન ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે.

આ પહેલા ૫ ફેબ્રુઆરીએ દાંતેવાડા જિલ્લામાં પાંચ મહિલા નક્સલીઓ સહિત છ નક્સલીઓએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લામાં લોન વારતુ (ઘરે પાછા આવો) અભિયાનથી પ્રભાવિત થઈને, પાંચ મહિલા નક્સલીઓ, હુંગા ઉર્ફે હરેન્દ્ર કુમાર માડવી (૩૦), આયતે મુચાકી (૩૮), શાંતિ ઉર્ફે જિમ્મે કોરમ (૨૮), હુંગી સોડી (૨૯), હિડમે માર્કમ (૩૦) અને જોગી સોડી (૩૫) સહિત છ નક્સલીઓએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

તેમણે કહ્યું કે આત્મસમર્પણ કરનારા નક્સલીઓ માલંગર એરિયા કમિટીના બર્ગમ પંચાયતમાં સક્રિય હતા. નક્સલવાદીઓ પર રસ્તા ખોદવાનો, નક્સલી બેનરો અને પોસ્ટરો લગાવવાનો અને અન્ય ઘટનાઓમાં સામેલ હોવાનો આરોપ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારની પુનર્વસન નીતિ હેઠળ, આત્મસમર્પણ કરનારા નક્સલીઓને છત્તીસગઢ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી અન્ય સુવિધાઓ જેમ કે માસિક રૂ. ૧૦,૦૦૦ ની નાણાકીય સહાય, ત્રણ વર્ષ માટે મફત રહેઠાણ અને ભોજન, કૌશલ્ય વિકાસ માટે તાલીમ, ખેતીની જમીન વગેરે સહિત ૨૫,૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. તેમણે કહ્યું કે લોન વારાતુ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં કુલ ૯૦૦ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે, જેમાં ૨૧૨ પુરસ્કાર પ્રાપ્ત નક્સલીઓનો સમાવેશ થાય છે.

## દિલ્હીના મુસ્તફાબાદનું નામ હવે શિવ વિહાર કે શિવપુરી રાખવામાં આવશે

નવીદિલ્હી

દિલ્હીનું મુસ્તફાબાદ હવે શિવ વિહાર અથવા શિવપુરી બનશે. આ જાહેરાત મુસ્તફાબાદ બેઠક પરથી જીતેલા ભાજપના ધારાસભ્ય મોહન સિંહ બિષ્ટે કરી છે. મુસ્તફાબાદનું નામ બદલવાની જાહેરાત કરતા ભાજપના ધારાસભ્ય મોહન સિંહ બિષ્ટે કહ્યું, 'અમિત શાહજીએ એક બેઠક બોલાવી છે. તેણે કંઈક વિચાર્યું હશે. આશા છે કે મુસ્તફાબાદનું નામ બદલાશે.

ભાજપના ધારાસભ્યએ કહ્યું, 'સત્તાવાર આંકડા કહે છે કે મુસ્તફાબાદમાં ૪૫% મુસ્લિમો છે, પરંતુ મેં જ્યાં પણ મુસાફરી કરી છે, ત્યાં મેં જોયું છે કે અહીં ૬૦% મુસ્લિમો છે.' હિન્દુઓ ૪૦% છે. અમે વસ્તી ગણતરી કરીશું અને વિસ્તારનું નામ મુસ્તફાબાદથી બદલીને શિવ વિહાર કરીશું.

મોહન સિંહ બિષ્ટે કહ્યું, 'સંગઠનના વરિષ્ઠ નેતાઓએ મને આશીર્વાદ આપ્યા છે. હું મારી જીતનો શ્રેય ભાજપના ટોચના નેતૃત્વને આપું છું. અમિત શાહજીએ આશીર્વાદ આપ્યા છે. ચૂંટણી દરમિયાન, અમને જેપી નડ્ડા અને અનુરાગ ઠાકુરનો ટેકો મળ્યો. આ બધા લોકોના ટેકાથી, અમે મુસ્તફાબાદમાં રહીએ છીએ.

ભાજપના ધારાસભ્યએ કહ્યું કે જ્યારે મારી સીટ બદલવામાં આવી ત્યારે મને દુઃખ થયું. પરંતુ ૧૭ વર્ષ પછી, હું આ બેઠક પર પાછો ફર્યો. મને મુસ્તફાબાદ બેઠક પરથી ચૂંટણી લડાવવા માટે કહેવામાં આવ્યું હતું પરંતુ સંગઠનને લાગ્યું કે મુસ્તફાબાદથી મેચ ૧૯-૨૦ ની થઈ શકે છે પરંતુ મને ખાતરી હતી કે આપણે જીતીશું.

મોહન સિંહ બિષ્ટે કહ્યું, 'કેજરીવાલ એક જાદુગર છે. તેમણે ૧૦ થી ૧૧ વર્ષમાં દિલ્હીના લોકો માટે કંઈ કર્યું નહીં અને દિલ્હીની હાલત બગાડી નાખી. અમે પ્રધાનમંત્રીનો સંદેશ પહોંચાડવા માટે લોકોને પણ રાખ્યા હતા, જેથી અમે દરેક ઘર સુધી પહોંચી શકીએ. પ્રધાનમંત્રીએ દિલ્હીમાં વિજયનો માહોલ બનાવ્યો અને આ જીતનો શ્રેય પ્રધાનમંત્રીને જાય છે.

## હડકવા પીડિતોને ઈચ્છામૃત્યુનો અધિકાર મળશે કે નહીં.સુપ્રીમ આજે નિર્ણય લેશે

નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટ સોમવારે હડકવાથી પીડિત વ્યક્તિઓ માટે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુના અધિકારની માંગ કરતી પીઆઈએલ પર સુનાવણી કરશે. જસ્ટિસ બીઆર ગવઈ અને કે વિનોદ ચંદ્રનની બેન્ચે ૧૦ ફેબ્રુઆરીએ એનજીઓ ઓલ ક્રિએચર્સ ગ્રેટ એન્ડ સ્મોલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરવા સંમતિ આપી છે.

સુપ્રીમ કોર્ટે ૨૦૨૦ માં કેન્દ્રને નોટિસ જારી કરી હતી અને ૨૦૧૯ માં દાખલ કરવામાં આવેલી અરજી પર આરોગ્ય અને પર્યાવરણ મંત્રાલયોનો જવાબ માંગ્યો હતો. અરજીમાં,એનજીઓએ માંગ કરી છે કે હડકવાના દર્દીઓ માટે એક પ્રક્રિયા નક્કી કરવી જોઈએ જેથી તેઓ અથવા તેમના વાલીઓને ચિકિત્સકની સહાયથી મૃત્યુ અથવા નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ વચ્ચે પસંદગી કરવાની મંજૂરી મળે.

૯ માર્ચ, ૨૦૧૮ ના રોજ, સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે ઠરાવ્યું હતું કે જીવનના અધિકારમાં મૃત્યુનો અધિકાર શામેલ છે અને 'જીવંત ઈચ્છા' બનાવવાની મંજૂરી આપીને નિષ્ક્રિય ઈચ્છામૃત્યુને કાયદેસર બનાવ્યું હતું. આ હેઠળ, જે દર્દીઓ અસાધ્ય રોગથી પીડાય છે અથવા કાયમી રીતે વનસ્પતિની સ્થિતિમાં છે અને જેમને સ્વસ્થ થવાની કોઈ આશા નથી, તેમને તબીબી સારવાર અથવા જીવન સહાયમાંથી નિવૃત્તિ લેવાની તક આપવામાં આવી શકે છે.

## લોક અદાલતમાં ૪૫૭૦ કેસનો નિકાલ, ૧૧૦ કરોડની રકમના એવોર્ડ

અમદાવાદ

રાજયની અદાલતમાં સ્પેશિયલ લોક અદાલત યોજવામાં આવી હતી. જેમાં ૧૭ હજાર જેટલા કેસો સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા. તે પૈકી ૪૫૭૦ કેસોનો નિકાલ કરાવો છે. નોંધનીય છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં લોક અદાલત દ્વારા લાખો કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જે પૈકી છેલ્લા એક વર્ષમાં જ ૧૦ લાખ કેસોનો લોક અદાલતમાં સુખદ નિકાલ આવ્યો છે.

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક તેમજ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલના નિર્દેશો અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ બીરેન વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ રાજવભરમાં ચેક પરતને લગતી ફરિયાદો, દામ્પત્ય જીવનને લગતી તકરારો, સિવિલ દાવાઓ, વાહન અકસ્માતને લગતા કેસો તથા જમીન સંપાદન સંદર્ભેના જૂના કેસોના સમાયાન માટે સ્પેશિયલ લોક અદાલતનું આવોજન કરાયું છે.

તમામ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ચીફ જજના નિર્દેશ અનુસાર કાઉન્સિલિએશન બેન્ચ બનાવેલ જેમાં એક ન્યાયિક અધિકારી અને તાલીમ પામેલા મધ્યસ્થીનો સમાવેશ થયેલ અને તમામ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પ્રયાસોના પરિણામે આ સ્પેશિયલ લોક અદાલતનું આયોજન

થયું હતું. જેમાં આશરે ૧૭,૦૯૦ કરતાં વધુ કેસો સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા. જે પૈકી ચેક બાઉન્સની કુલ ૩૭૫૦ કરિયાદ, દામ્પત્ય જીવનની તકરારોમાં ૪૯૮ કેસો, સિવિલ દાવાઓના ૧૯૫ કેસો, વાહન અકસ્માતના ૧૨૦ કેસો તથા જમીન સંપાદનના ૭ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. લોક અદાલતમાં કુલ રૂ. ૧૧૦ કરોડની રકમના એવોર્ડ કરવામાં આવ્યા હતા.

## દિલ્હી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ આતિશીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું



નવીદિલ્હી

દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠકો માટેની ચૂંટણીના પરિણામો ગઈકાલે એટલે કે શનિવાર, ૮ ફેબ્રુઆરીના રોજ જાહેર થયા. દિલ્હીમાં ૨૭ વર્ષ પછી ભાજપ સત્તામાં પાછી આવી છે અને પાર્ટીએ ૭૦ માંથી ૪૮ બેઠકો જીતીને મોટી જીત નોંધાવી છે. શાસક આમ આદમી પાર્ટીને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આપની હાર બાદ, મુખ્યમંત્રી આતિશીએ આજે સવારે ૧૧ વાગ્યે દિલ્હીના રાજ્યપાલને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે. આમ આદમી પાર્ટીના બધા મોટા નેતાઓ ચૂંટણી હારી ગયા છે અને આતિશી કાલકાજી બેઠક પરથી જીતી ગયા છે. દિલ્હીના સીએમ આતિશીએ પોતાનું નિવાસસ્થાન છોડી દીધું અને પછી રાજ નિવાસ ગયા અને ઉપરાજ્યપાલને પોતાનું રાજીનામું સુપરત કર્યું.

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ઐતિહાસિક જીત બાદ ભાજપ હાઈકમાન્ડ મુખ્યમંત્રીના ચહેરા પર વિચાર કરી રહ્યું છે. આ માટે ટૂંક સમયમાં ધારાસભ્ય પક્ષની બેઠક બોલાવવામાં આવશે, જેમાં ધારાસભ્ય પક્ષના નેતાની પસંદગી કરવામાં આવશે. પરંતુ મુખ્યમંત્રી પદની રેસમાં આગળ રહેલા લોકોમાં પહેલું નામ પ્રવેશ વર્માનું છે, કારણ કે તેમણે જ નવી દિલ્હી બેઠક પરથી અરવિંદ કેજરીવાલને હરાવ્યા હતા. પરંતુ જો ભાજપ કોઈ શીખ ચહેરાને પ્રોત્સાહન આપે છે તો મનજિંદર સિંહ સિરસાનું નામ આગળ આવી રહ્યું છે. મુખ્યમંત્રી પદની રેસમાં વીરેન્દ્ર સચદેવનું નામ પણ છે.

પૂર્વાંચલને આકર્ષવા માટે, ભાજપના નેતા કપિલ મિશ્રાને દિલ્હીના નવા મંત્રીમંડળમાં મંત્રી બનાવી શકાય છે. તે જ સમયે, દિલ્હી સરકારમાં એક મહિલા પણ મંત્રી બનશે, તેથી રેખા ગુપ્તાના નામ પર વિચારણા કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી અને મંત્રીઓના નામ નક્કી કરવા માટે આજે પણ બેઠકોનો દોર ચાલુ રહેશે. જનકપુરીના ધારાસભ્ય અને ભાજપના અધિકારી આશિષ સૂદનું નામ પણ મંત્રી પદ માટે વિચારી રહ્યું છે.

## પહાડોમાં બરફવર્ષા થઈ રહી છે, દિલ્હી-એનસીઆર સહિતની રાજ્યોમાં ફરી ઠંડી વધશે?



નવીદિલ્હી

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં હવામાનમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. ફેબ્રુઆરી મહિનાની શરૂઆત સાથે, દિલ્હી-એનસીઆરમાં તીવ્ર ઠંડીનો અંત આવ્યો છે. આ દિવસોમાં થોડી ઠંડી પડી રહી છે. દિવસ દરમિયાન પવન ફૂંકાય છે અને તેજસ્વી સૂર્યપ્રકાશ પણ હોય છે. થોડા દિવસો પહેલા દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિત ઘણા રાજ્યોમાં વરસાદ પડ્યો હતો. જોકે, વરસાદ પછી પણ ઠંડી વધી નથી. એવું માનવામાં આવે છે કે હવે દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાનમાં ઠંડી દિવસેને દિવસે ઓછી થશે.

દરમિયાન, હવામાન વિભાગે જણાવ્યું હતું કે સોમવારે પણ તાપમાનમાં કોઈ ઘટાડો થશે નહીં.દિલ્હી-એનસીઆરમાં દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ રહેશે અને આકાશમાં હળવા વાદળો પણ છવાયેલા રહી શકે છે. આ સમયગાળા દરમિયાન, લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે.

સોમવારે પણ દિવસ દરમિયાન હળવા વાદળો સાથે સૂર્યપ્રકાશની અપેક્ષા છે. મંગળવાર અને બુધવારે આકાશ સંપૂર્ણપણે સ્વચ્છ રહેશે. આ સમય દરમિયાન તેજસ્વી સૂર્યપ્રકાશ રહેશે. મંગળવાર અને બુધવારે દિલ્હી-એનસીઆરનું લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે.

તાજેતરમાં પર્વતીય રાજ્યોમાં પણ વરસાદ પડ્યો હતો. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ અને કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં વરસાદ સાથે બરફવર્ષા પણ થઈ હતી. હિમાચલના સ્થાનિક હવામાન વિભાગે જણાવ્યું હતું કે શનિવારે બરાલાચા, કુંજુમ અને રોહતાંગ સહિત વિવિધ સ્થળોએ હળવી હિમવર્ષા થઈ હતી. શનિવારે જમ્મુમાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું અને ભારે ઠંડી પડી. સ્થાનિક હવામાન કેન્દ્ર શ્રીનગરે આગામી ત્રણ દિવસ સુધી કાશ્મીર સહિત જમ્મુમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે.

ઝાયડસ હૉસ્પિટલ વડોદરાના સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર્સ દ્વારા નિયમિત ઓ.પી.ડી.

zydus Hospitals Vadodara

દાહોદ અને ગોધરા ખાતે

દર મહિનાના બીજા બુધવારે (12 ફેબ્રુઆરી, 2025)

મગજને લગતા તમામ રોગોના નિષ્ણાંત
ડૉ. કૌશિક રાણા
MBBS, MD, DM (Neurology)



મગજને લગતા રોગોના લક્ષણો
• માથાનો દુખાવો • ચક્કર આવવા • માથાની ઈજા અથવા ઓપરેશન • પૈરાલિસિસ (લકવા) • મગજની ગાંઠ • મગજનું ટી.બી. અથવા મગજમાં તાવ • હાથ પગમાં અશક્તિ અને સુન્નપણું • પીઠનો દુખાવો • સાયટિકા • કરોડરજ્જુની ઈજા • ચાલવામાં લથડવું

સ્થળ: રીધમ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, જીએલકે ટાવર્સ, પાંચમા માળે, સ્ટેશન રોડ, એસટી ડેપોની સામે, દાહોદ — સમય: સવારે 11.00 થી 01.00 સુધી

સ્થળ: પદ્મનાભ સર્જીકલ હૉસ્પિટલ, જલારામ પ્લાઝા ની પાછળ, પોલીસ હેડ ક્વાટર્સની બાજુમાં, બસ ડેપોની સામે, ગોધરા — સમય: બપોરે 03.00 થી 05.00 સુધી

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો: 70690 35112, 84605 35090

વેજલપુર તેમજ આપસારના સૌ ઈમીટેશન જ્વેલરીના શોખીનો માટે ભવ્ય શો રૂમ મા અવનવી વેરાયટીનો ખજાનો જોવા તેમજ ખરીદવા માટે પધારો...

અરે પણ ઉભા રહો..... જશો ક્યાં...

RJ

ગોલ્ડ ફોર્મીંગ જવેલરી



ફેન્સી ઈમીટેશન જવેલરી વ્યજબી કિંમતે મળશે.

સંપર્ક : ૦૨૬૭૨-૨૯૯૧૯૯

અવનવી લેડીસ પાટલા, વીંટી, મંગળસુત્ર, બુટ્ટીઓ, સેટ, જેવી ફેન્સી આઈટમો તથા જેન્ટ્સ વીંટી, લક્કી, ફેન્સી પેન્ડલ, ચેઈન જેવી આઈટમો
અદ્યતન વેરાયટી જોવા આજે જ પધારો....
ફેશનની દુનિયામાં ગેરંટીની આશા છોડો

દુ.૧૦, રાજન સ્કવેર, પહેલો માળ, પોલીસ સ્ટેશન સામે, વેજલપુર, જી.પંચમહાલ

મહિસાગર - છોટાઉદેપુર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા અને બોડેલી

પંચમહાલ સમાચાર

# લુણાવાડા તાલુકાની નાળના પ્રા.શાળાના શિક્ષક દ્વારા જાન્યુઆરી મહિનામાં ૧૦૦ ટકા હાજર વિદ્યાર્થીઓને નાસ્તાના ડબ્બા આપી પ્રોત્સાહિત કર્યા



લુણાવાડા, મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાની નાળના મુવાડા પ્રાથમિક શાળાના શિક્ષક ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલ દ્વારા જાન્યુઆરી મહિનામાં ૧૦૦% હાજર રહેનાર વિદ્યાર્થીઓને નાસ્તાના ડબ્બા આપીને સન્માનિત કરવામાં આવ્યા જી

મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના ઝારા કલસ્ટરની નાળના મુવાડા પ્રાથમિક શાળાના શિક્ષક ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલ કે જેઓ મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મઘવાસ ગામના વતની છે અને તેમના દ્વારા શાળામાં એક ગુણવત્તાલક્ષી નવતર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.જેમાં બાળકોની હાજરીની નિયમિતતાને લઈને નવીન પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.જેમાં જાન્યુઆરી માસમાં શાળામાં ૧૦૦% હાજરી ધરાવતા વિદ્યાર્થીઓને તારીખ ૮મી ફેબ્રુઆરી ૨૦૨૫ ને શનિવારના રોજ શિક્ષક ચિરાગકુમાર પંચાલ દ્વારા પોતાના સ્વખર્ચે બાળકોને લંચબોકસ આપીને બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું.શિક્ષક ચિરાગ કે. પંચાલ દ્વારા જૂન થી ડિસેમ્બર માસમાં પણ ૧૦૦% હાજરી ધરાવતા બાળકોને દર મહિને નોટબુક,રબર,સંચા જેવી શૈક્ષણિક સામગ્રી ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.શિક્ષક ચિરાગ પંચાલ દ્વારા બાળકો નિયમિત રીતે આખો મહીનો શાળામાં ૧૦૦% હાજર રહે તેના માટે સન્માનિત કરીને બાળકોને પ્રોત્સાહિત કરવાનો એક સુંદર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

# સંતરામપુર પાલિકા ચુંટણીમાં છેલ્લા પાંચ વર્ષમાં મતદારોની સંખ્યા ૧૫ ટકા વધી

સંતરામપુર, સંતરામપુર નગરપાલિકામાં ૬ વોર્ડ ની ચૂંટણી માટે છેલ્લા પાંચ વર્ષમાં ૧૫% મતદારો વધ્યા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવા જઈ રહેલ ત્યારે સંતરામપુર નગરપાલિકામાં કુલ ૬ વોર્ડ આવેલા છે ૨૦૧૮ ની સાલની મતદારયાદી મુજબ ૧૫૧૧૧ મતદાન હતું ફક્ત પાંચ વર્ષની અંદર મતદારોની સંખ્યા ૨૬૭૦ થઈ આ વખતે કુલ મતદારો ૧૭,૭૮૧ પાલિકા વિસ્તારમાં નોંધાયા સૌથી વધારે મહિલાઓનું મતદાર વધ્યા ૧૭૫ છેલ્લા પાંચ વર્ષમાં અલગ અલગ વોર્ડમાં ૧૩૨૭ મતદારો વધ્યા સ્ત્રીનું જ્યારે પુરૂષોનું ૧૧૫૨ મતદારો વધ્યા સરકારના મતદાર જાગૃતિના અભિયાન હોવા છતાં મતદારોમાં સંખ્યામાં વધારો જોવા ના મળ્યો પાંચ વર્ષની અંદર મતદારોની સંખ્યા ફક્ત ૧૫ ટકા જેટલી વધી

વોર્ડ નંબર -પુરૂષ- મહિલા

૧. ૨૮૦- ૩૫૨
૨. ૧૬૪-૧૮૨
૩. ૨૦૨-૨૮૫
૪. ૧૦૪- ૧૪૯
૫. ૨૦૨-૬૨
૬. ૨૦૦- ૨૯૭

નવી ઈ મતદાર યાદી મુજબ આ વખતે મતદારો વોર્ડ મુજબ ટકાવારી વધુ જોવા મળેલી

## લીમખેડાના ખીરખાઈ દેવધા ગામે સગીરાનું લગ્નની લાલચે અપહરણ

દાહોદ, દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ખીરખાઈ દેવધા ગામે એક ૧૭ વર્ષે સગીરા ને સ્કૂલ જતી વેળાએ એક યુવકે લગ્નની લાલચ આપી શકીરાનું અપહરણ કરી લઈ નાસી જતા પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરા ગત તારીખ ૧૦ મી જાન્યુઆરીના રોજ સવારના સમયે શાળાએ અભ્યાસ કરવા જતી હતી તે સમયે ઝાલોદના સુથારવાસા ગામે રહેતો મનીષભાઈ દિલીપભાઈ ડામોરે ૧૭ વર્ષીય વિદ્યાર્થીને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી પત્ની તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતા આ સંબંધે સગીરાના પિતા દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદના ટાંડી ગામે બંધ મકાન માંથી ૯૩ હજાર રૂપીયાના મુદ્દામાલની ચોરી

દાહોદ, દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના ટાંડી ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂા.૯૩,૭૨૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ઝાલોદના ટાંડી ગામે મંદિર ફળિયામાં રહેતાં કમુબેન ચીમનભાઈ બારીયાના બંધ મકાનમાં ગત તા.૧૧મી જાન્યુઆરીના રોજ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ કમુબેનને બંધ મકાનને નિશાન બનાવી મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી તસ્કરોએ મકાનમાં પ્રવેશ્યાં હતાં અને મકાનમાં મુકી રાખેલ તિજોરીનો દરવાજો ખોલી ડ્રોવરમાં મુકી રાખેલ સોનાની વિટી, સોનાનું મંગળસુત્ર, સોનાની બુટ્ટી શેરો, ચાંદીનું ભોરીયું, ચાંદીના નજરીયા, ચાંદીના નાના કડલા વિગેરે મળી કુલ રૂા.૯૩,૭૨૦ની મત્તાની તસ્કરો ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે કમુબેન ચીમનભાઈ બારીયાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદની એક હોટલમાં બાળ કિશોરને મજુરી રાખતા પોલીસ ફરિયાદ

દાહોદ, દાહોદ શહેરમાં આવેલ એક હોટલમાં એક બાળકિશોરને મજૂરી કામ માટે હોટલના માલિક દ્વારા પોતાની હોટલમાં રાખતા આ મામલે એન્ટી હ્યુમન ટ્રાફિકકિંગ યુનિટ દાહોદ દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેરના જુના ઈન્દોર રોડ હાઈવે ખાતે ક્રોસિંગ પર આવેલ ભગવતી હોટલમાં એક ૧૪ વર્ષીય બાળકિશોર મજૂરી કામ કરતો હોવાની માહિતી એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ દાહોદને મળી હતી જે માહિતીના આધારે એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ દાહોદ દ્વારા ઉપરોક્ત હોટલમાં તપાસ હાથ ધરી હતી જેમાં ૧૪ વર્ષે બાળ કિશોર મજૂરી કામ કરતો જોવા મળ્યો હતો આ મામલે ટીમ દ્વારા હોટલના માલિકની પૂછપરછ હાથ ધરી હતી અને જેમાં ઉપરોક્ત હકીકત સાચી જણાઈ આવતા આ સંબંધે એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ દાહોદ દ્વારા દાહોદ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના મંડાવાવ ગામે ૪૦ વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ, દાહોદ તાલુકાના મંડાવાવ ગામે એક ચાલીસ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ઝાડ સાથે દોરી બાંધી આત્મહત્યા કરી લેતા વિસ્તારમાં ચકચાર પામી છે.

દાહોદ તાલુકાના ઉકરડી રોડ ખાતે રહેતા ૪૦ વર્ષીય ભરતભાઈ ઉર્ફે મહેશભાઈ સોમાભાઈ પસાયા એ અગમ્ય કારણોસર ગત તારીખ સાતમી ફેબ્રુઆરીના રોજ દાહોદના મંડળ ગામે એક ઝાડની ઉપર દોરી બાંધી આત્મહત્યા કરી લેતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી ઘટનાને પગલે સ્થળ પર લોક ટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો ઘટનાની જાણ સ્થાનિક પોલીસને થતા પોલીસ સ્થળ પર પહોંચી જઈ ઉપરોકત યુવકના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યા હતા.

નરેશભાઈ સોમાભાઈ પસાયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગડો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બજેટના ૭ દિવસ બાદ પણ દાહોદ-ઈન્દોર રેલ લાઇનની ફાળવણી અંગેની માહિતી અધિકારીઓ કે સાંસદ સુધી પહોંચી નથી

દાહોદ, સરકારે છેલ્લા બે વર્ષથી સામાન્ય બજેટમાં રેલવે બજેટનો સમાવેશ કર્યો છે.૧ ફેબ્રુઆરીએ રજૂ થનાર સામાન્ય બજેટ પછી, રેલવે અલગથી પિંક બુક બહાર પાડે છે.અને જણાવે છે કે કયા ઝોન અને કયા રાજયને કયા પ્રોજેક્ટ માટે કેટલી રકમ આપવામાં આવી હતી. આ પિંક બુક ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ બહાર પાડવામાં આવ્યું હતું.પણ આ વખતે એવું ન થયું. ૬ દિવસ પછી પણ રેલવેના અધિકારીઓ કે જનપ્રતિનિધિઓને ખબર નથી કે તેમના વિસ્તારમાં રેલવે પ્રોજેક્ટ માટે કેટલા પૈસા આપવામાં આવ્યા છે.એટલુ જ નહીં સાંસદ પોતે રાહ જોઈ રહ્યા છે.વિસ્તારના લોકો તેને પૂછી રહ્યા છે, પરંતુ આપવા માટે કોઈ જવાબ નથી.

આ વખતે દાહોદ-ઈન્દોર રેલ લાઇન માટે પણ બજેટમાં વધુ ફાળવણીની અપેક્ષા છે.કારણ છેલ્લા બે વર્ષથી બંને પ્રોજેક્ટ પર કામ ખૂબ જ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ ત્યારે જ શક્ય બન્યું જ્યારે ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪માં તેમના માટે મોટું બજેટ આપવામાં આવ્યું.દાહોદ-ઈન્દોર રેલ્વે લાઈન પર ગુજરાત બોર્ડરથી ઝાબુઆ પાસેના રંગપુરા સુધી કામ ચાલી રહ્યું છે.અહીંથી ધાર જીલ્લાની સરહદ સુધી જમીન સંપાદનની પ્રક્રિયા ચાલી રહી છે. ઝાબુઆ તાલુકાના ૬ ગામોમાં જમીનનું મૂલ્યાંકન પૂર્ણતાના આરે છે. રામા તહસીલમાં આ પ્રક્રિયા ૧૫ ગામોમાં પણ કરવામાં આવી રહી છે. આ રીતે ટૂંક સમયમાં જમીન સંપાદન કરવા પૈસાની પણ જરૂર પડશે.આ સાથે નવા ટેન્ડરો પણ બહાર પાડવાના છે.૨૦૨૪ ના વચગાળાના બજેટમાં દાહોદ-ઈન્દોર રેલ લાઈન રૂ. ૬૦૦ કરોડ અને નાના માટે ઉદયપુર-ધાર પ્રોજેક્ટ માટે ૩૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.૨૦૦૮ થી ૨૦૨૪ થી દાહોદ-ઈન્દોર માટે ૨૧૮૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે.૮ ફેબ્રુઆરી ૨૦૦૮માં તત્કાલિન વડાપ્રધાન ડો મનમોહન સિંહ અને રેલવે મંત્રી લાલુ પ્રસાદ યાદવે પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.ત્યારે દાહોદ-ઈન્દોર રેલ લાઇનનો ખર્ચ રૂ. ૬૭૮.૫૪ કરોડ હતો.ચાર વર્ષ પછી, ૨૦૧૨ માં, રેલ્વે બોર્ડે ૧૬૪૦.૦૪ કરોડ રૂપિયાની કિંમતનો ફરીથી અંદાજ મૂક્યો. હવે તેની કિંમત ૨૮૭૩.૧૧ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે.

# ઝાલોદ નગર પાલિકાની ચુંટણીમાં ભાજપના બળવાખોર બની અપક્ષ ઉમેદવારી નોંધાવનાર બાર જેટલા લોકોને છ વર્ષ માટે ભાજપ માંથી બરતરફ કરવામાં આવ્યા

ઝાલોદ, ઝાલોદ નગરમાં ચૂંટણી સંદર્ભે કુલ સાત વોર્ડ આવેલ છે અને આ વોર્ડ માંથી રાજકીય પાર્ટી તરફથી કુલ અઠ્ઠાવીસ ઉમેદવારો ચૂંટણી લડી તેમ હતું. ત્યારે સ્થાનિક નગરપાલિકાની ચૂંટણી સંદર્ભે અમુક ભાજપ કાર્યકર્તાઓ ને ટિકિટ ન મળતાં કે પાર્ટીની ટિકિટ ન લેનાર ઉમેદવારો એ અથવા તેમના પરિવાર માથી ભાજપ માંથી બળવાખોર બની અપક્ષ ચૂંટણી લડી રહેલ છે તેવા બાર જેટલા લોકોને ભાજપ દ્વારા છ વર્ષ માટે ભાજપ પાર્ટી માંથી બરતરફ કરવામાં આવેલ છે.

રજાક ઈબ્રાહીમ પટેલ, શિલા જગુ ગુર્જર, જયેશ રમેશ ચૌહાણ, તમન્ના ઉમેશ પટેલ, પ્રજ્ઞા ધર્મેન્દ્ર પટેલ, ફકીરા ઈકબાલ મહંમદ, નિકિતા હેમંત શાહ, ચંદ્રકાંત રસિકલાલ ચૌહાણ, પ્રિયંકા પારસીંગ કીશોરી, જગુ રમેશ ગુર્જર, અમિત રણસીંગ ભાભોર,કેતન કાળુ પંચાલ ને દાહોદ ભાજપ દ્વારા છ વર્ષ માટે ભાજપ પાર્ટી માંથી બરતરફ કરવામાં આવેલ છે. આ અંગે ભાજપ માંથી સસ્પેન્ડ થયેલા અમુક વ્યક્તિઓનો આ અંગે પ્રતિક્રિયા આપવા માટેનું કહેતા તેઓ આ અંગે કોઈ પણ ટિપ્પણી કરવા તૈયાર જોવા મળતા ન હતા.

# ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીનો માહોલ ગરમાયો : મોટા મોટા હોર્ડિંગ્સ તેમજ ઢોલ નગારા સાથે ઉમેદવારો પ્રચાર કરવા મેદાને ઉતર્યા

દાહોદ, ઝાલોદ નગરમાં ૧૬-૦૨-૨૦૨૫ રવિવારના રોજ નગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહેલ છે. નગરમાં કુલ સાત વોર્ડ આવેલ છે અને તેમાં કુલ અઠ્ઠાવીસ ઉમેદવારોને મતદારોને જીતાડવાના છે. નગરપાલિકાની ચૂંટણી જાહેર થતાં નગરમાં સેવા કરવા માટે ઉમેદવારોનો રાફડો ફાટયો હતો અને કુલ ૧૬૨ ઉમેદવારોએ ફોર્મ ભરેલ હતા છેલ્લે ૧૦૮ ઉમેદવારો અલગ અલગ વોર્ડ માંથી ચૂંટણી જંગ લડવા ઉમેદવારી ફોર્મ મંજુર કરાયેલ છે. નગરના મતદારોમાં અંદરો અંદર ચર્ચા થઈ રહેલ છે આ ૧૦૮ ઉમેદવારો નગરના કયા કામ માટે ક્યારે ક્યારે નગરની સેવામાં સાચા ઉતર્યા છે. લોકમુખે ચર્ચા મુજબ જાણવા મળેલ છે કે નગરની સેવા કરવાના બદલે અમુક કાઉન્સીલરો દ્વારા નગરની તિજોરી જ ખાલી કરી છે તેમજ નગરનો નહીં પણ પોતાનો અંગત વિકાશ જ કરેલ છે. તો આ ચૂંટણી જંગમા મતદારો દરેક કામગીરીનો અભ્યાસ કરી સાચા અને નગરની યોગ્ય સેવા કરી શકે તેવા ઉમેદવારો ને જ મત આપશે.નગરમાં ચૂંટણી પ્રચારમાં હાલ દરેક વોર્ડમા મોટા મોટા હોર્ડિંગ્સો ,રીક્ષા દ્વારા પ્રચાર, બાઈક તેમજ ફોર વ્હીલર પર બેનરો લગાવી પ્રચાર પ્રસારનો ધમધમાટ જોવા મળી રહેલ છે.નગરમાં હાલ અપક્ષો એ મોટા પ્રમાણમાં ચૂંટણી જંગમાં ઝંપલાવેલ છે તેમજ નગરમાં આ અપક્ષો કોઈ પણ રાજકીય રીતે પાર્ટી લડતા ઉમેદવારોનું ગણિત બગાડી શકે તેમ નગરમાં માહોલમાં જોવા મળી રહેલ છે. નગરમાં સામાજીક રીતે, મિત્રો સાથે, અંગત રીતે ઉમેદવારો ઢોલ નગારા સાથે અપક્ષો પોતપોતાનો તેમજ રાજકીય પાર્ટીઓ પોતાની પેનલ મુજબ વોર્ડ પ્રમાણે પ્રચાર પ્રસાર કરી રહેલ છે. નગરમાં હાલ ચૂંટણી માહોલ બરાબર જામેલો છે ત્યારે ઓટલા બેઠક, ખાટલા બેઠક તેમજ ચાય પે ચર્ચામા ચોતરફથી ચૂંટણીના સમીકરણો અંગે જ વાતચીત થતી જોવા મળી રહેલ છે. મતદારો હાલ પ્રચાર કરવા આવનાર દરેક ઉમેદવારોને સમર્થન આપવાના વાયદા કરી રહેલ છે, પરંતુ ખુલીને ચૂંટણી અંગે મતદારો પોતાના અંગત મંતવ્યો રજૂ કરતા નથી. જુદા જુદા વિસ્તારોમાં સાંભળ્યા મુજબ આ વખતે અપક્ષો હુકમના પત્તા ( કિંગ મેકર ) બનશે તેવું જાણવા મળી રહેલ છે. જો કે આ ચૂંટણી છે ત્યારે ક્યારે કોના તરફેણમાં માહોલ જામી જાય તે જાણી શકાતું નથી.

## થરાદમાં માટી ભરેલું ડમ્પર પલટી જતાં એક બાળક અને ૩ મહિલાના મોત

પાલનપુર બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ખેગારપુરા ગામે રોડની બાજુમાં બની રહેલા નાળાંની કામગીરી દરમિયાન માટી ભરેલું ડમ્પર પલટી મારી જતાં આ દુર્ઘટનાની સર્જાય હતી. માટી ભરેલું ડમ્પર પલટી મારી જતાં નાળામાં કામ કરી રહેલા મજૂરો ઉપર પડ્યું હતું. જેમાં માટી ભરેલા ડમ્પર નીચે દટાતા ૪ મજૂરોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે.

આ દુર્ઘટનાની જાણ થતાં આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકત્રિત થયા છે. સ્થાનિક તંત્ર દ્વારા મજૂરોને શક્ય તેટલી ઝડપથી બચાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ માટી નીચે દટાવાના કારણે મજૂરોને બચાવી શકાયા ન હતા. આ ઘટનાની જાણ થતા થરાદ ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. ઘટનાસ્થળે ૧૦૮ એમ્બ્યુલન્સ સાથે થરાદ પોલીસ પણ પહોંચી ગઈ હતી. માટી નીચે દટાયેલા મજૂરોને બચાવવા માટે જેસીબી મશીન દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. જો કે, માટી ભરેલા ડમ્પર નીચે દટાઈ જવાથી ૪ મજૂરોના મોત નિપજ્યાં છે. મૃતકોમાં ૩ મહિલા અને એક બાળક હોવાનું સામે આવ્યું છે. હાલ તો મૃતકોના મૃતદેહને થરાદ રેફરલ હોસ્પિટલમાં પોસમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. સમગ્ર ઘટના અંગે થરાદ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે. જો તમે વ્યવસાયમાં ભાગીદારી કરવાનું મન બનાવી રહ્યા છો તો આ શ્રેષ્ઠ સમય છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો. આજે અન્ય લોકો પાસેથી અતિશય અપેક્ષાઓ ના રાખશો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે, મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવાનો પ્રયાસ કરો.

કર્ક:આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે. અતિશય ભાવનાત્મક બનવાનું ટાળો, કારણકે આ તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે. જીવનસાથી અથવા પરિવારના સભ્યો સાથે આજે મતભેદ થઈ શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો સપોર્ટ મુશ્કેલીથી મળશે.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે. ધંધામાં ધનલાભ રહેશે કારણકે નસીબ પણ તમને સાથ આપશે.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે. વ્યવસાયમાં જટિલ સમસ્યાનો ઉકેલ વરિષ્ઠ વ્યક્તિની સલાહથી ઉકેલવામાં આવશે.

## ઊંઝાની કર્ણાવતી સોસાયટીમાં ચોરીની ઘટના,મોટી રકમની ચોરી કરી ફરાર

મહેસાણા મહેસાણાના ઊંઝાની કર્ણાવતી સોસાયટીમાં ચોરીની ઘટના બનવા પામી છે. હ્યુમન ફેસ ડિટેક્શન કેમેરાવાળા મકાનમાં બુકાનીધારી ચોરોએ નકુચો અને કબાટ તોડી મોટી રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

મહેસાણા જીલ્લાના ઊંઝા તાલુકામાં કર્ણાવતી સોસાયટીમાં ચોરીની ઘટના ઘટી છે. ચહેરા ઢાંકી આવેલા તસ્કરો મકાનમાં કળા કરી ગયા છે, મકાનમાલિકો ઘરમાં ચોરી થતાં પોલીસને ઘટનાની જાણ કરી છે. હ્યુમન ફેસ ડિટેકશન કેમેરાવાળા મકાનમાં ચોરોએ હાથ અજમાવ્યો હતો. મકાનનો નકુચો અને કબાટ તોડી ચોરીને અંજામ આપ્યો હતો. સોના-ચાંદીના દાગીના અને મોટી રોકડ રકમની ચોરી કરી ચોર ફરાર થઈ ગયા હતા. ઘર માલિકે સમગ્ર મામલે ઊંઝા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે.

દરમિયાન વલસાડના પારડીના બગવાડા ગામે તસ્કરનો આતંક જોવા મળ્યો છે. ટ્રાન્સપોર્ટરના ઘરે રાતે ચોર ઘૂસ્યા હતા. ૨૨ તોલા દાગીનાની ચોરી થઈ હતી. ચોરો બધાના આશ્ચર્યની વચ્ચે દરવાજા તોડયા વગર મકાનમાં ઘૂસવામાં સફળ રહ્યા હતા અને ૨૨ તોલા દાગીના ચોરી ગયા હતા. પારડી પોલીસે ચોરનું પગેરું મેળવવા કવાયત હાથ ધરી હતી. પોલીસનું પ્રાથમિક અનુમાન મુજબ તો જાણભેદુઓએ ચોરીને અંજામ આપ્યો છે. આ સિવાય આ ચોરીમાં જાણભેદુ ન હોય પણ કદાચ ચોરને માહિતી આપવામા જાણભેદુ હોય તેવું પોલીસનું અનુમાન છે. પોલીસે આ મુદ્દે તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢનો વોન્ટેડ ગુજસીટોકનો આરોપી નગા રાડા આખરે ઝડપાયો

જૂનાગઢ જૂનાગઢના કુખ્યાત નગા રાડાનું પોલીસ દ્વારા જાહેરમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જૂનાગઢની પ્રજામાં રીઢા ગુનેગારનો ડર ઓછો કરવા માટે પોલીસ દ્વારા રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. આરોપીનો ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

જૂનાગઢ પોલીસે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં ૪ મહિનાથી ફરાર એવા વોન્ટેડ આરોપીની ધરપકડ કરી છે. પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા અને પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી કાર્યવાહીમાં ૩૨ વર્ષીય નગા સરમણભાઈ રાડાને પાદરીયા ગામની સીમમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે.

જૂનાગઢ પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૧(૨), ૧૩૨, ૨૨૧, ૩૫૧(૩), ૫૪ અને ગુજસીટોક એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આરોપી વિરૂદ્ધ ૨૦થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. જેથી ધરપકડ કરવા કવાયત કરવામાં આવી હતી, તેમજ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે નગા રાડાની ધરપકડ બાદ વધુ તપાસ શરૂ કરી છે.

## મહેસાણામાં લિક્વિડ લેવા જતા મહિલા ઠગાઈ સોનાની ૨ બંગડીઓ લિક્વિડમાં ઓગાળી નાખી હતી

મહેસાણા મહેસાણામાં વાસણ ધોવાનું લિક્વિડ લેવા જતા મહિલા સાથે છેતરપિંડી થઈ હતી. જેમાં વાસણ ધોવાનું લિક્વિડ વેચવા આવેલા ૩ શખ્શોએ આ મહિલાને છેતરી હતી. વિસનગર તાલુકાના બાસણા ગામે મહિલા સાથે ઠગાઈ કરવામાં આવી હતી.

જેમાં બાઈક લઈને આવેલા ૩ શખ્શો મહિલાને આબાદ છેતરી ગયા હતા. વાસણ ધોવાના લિક્વિડની જાહેરાત કરી આ મહિલાને વિશ્વાસમાં લીધી હતી. જેમાં રૂ. ૧.૭૫ લાખની સોનાની ૨ બંગડીઓ લિક્વિડમાં ઓગાળી નાખી હતી. બાદમાં ઓગળેલા સોના વાળું લિક્વિડ લઈ ત્રણેય શખ્સો નાસી છુટ્યા હતા. આ સમગ્ર મામલે વિસનગર તાલુકા પોલીસ મથકે નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ત્રણ સર્વે નંબરોના હુકમ નંબરમાં ક્ષતિ જોવાતા શંકાસ્પદ સર્વે નંબરોમાં સામેલ:એન.એ કેસમાં ફક્ત બે આરોપીઓએ રેગ્યુલર જામીન

દાહોદ,

દાહોદના નકલી NA કેસમાં દાહોદ પોલિસે છેલ્લાં દીવસે ૨૪ આરોપીઓ સામે ૨૬૦૦ પાનાની ચાર્જશીટ કોર્ટમા રજુ કરી હતી. આ પહેલા પણ પોલીસે બાકીના આરોપીઓ સામે ૬૩૭૦ પાના મળી નકલી NA પ્રકરણમા નોંધાયેલી તમામ ફરિયાદોમાં ૯૦૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે નકલી NA પ્રકરણ પ્રકાશમાં આવ્યાં બાદ નવ મહિનામા તપાસ બાદ પોલીસ ચોપડે નોંધાયેલા ગુનાઓમાં હવે ચાર્જશીટ ફ્રેમ થઈ ગઈ છે. અને બે જમીન દલાલોને મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન મુક્ત થયાં છે. તે સિવાયના તમામ પકડાયેલાં જમીન દલાલો, મિલકત ધારકો,વચેટિયા,સરકારી બાબુ તેમજ માસ્ટરમાઈન્ડ સહિત ૨૪ લોકો જેલવાસો ભોગવી રહ્યા છે.

દાહોદનું બહુચર્ચિત નકલી NA કેસ જેમા બિન ખેતીના બોગસ હુકમો બનાવી સરકારના પ્રીમિયમ ચોરીનો કિસ્સો સામે આવ્યો હતો.જેમાં તત્કાલીન SDM તેમજ રેવન્યુ ડિપાર્ટમેન્ટની તપાસ બાદ ૨૧૫ જેટલા બોગસ સર્વે નંબરો સામે આવતા આ મામલે પોલીસે ગંભીરતા દાખવી ૯ જેટલી જુદી જુદી ફરિયાદોમાં ૯૪ જેટલા લોકો સામે નામજોગ ગુનો દાખલ કર્યો હતો. અને માસ્ટર માઈન્ડ સહિત ૨૪ જેટલાં ઈસમોની ધરપકડ કરી જેલ ભેગા કર્યા હતા. દરમિયાન પ્રીમિયમ ચોરીના કેસમાં પોલીસી નક્કી કરવા માટે સરકારમાં હકિકતલક્ષી અહેવાલ મોકલવા માટે રેવન્યું વિભાગની ટીમોએ રીસર્વેની કામગીરી હાથ ધરી શંકાસ્પદ સર્વે નંબરોમાં સ્થળ ઉપરનો અહેવાલ સરકારમાં જમા કરાવ્યો હતો. આ પહેલા જઉખ ના વડપણ હેઠળ નિયુક્ત કરાયેલી SIT ની ટીમ દ્વારા તપાસ કરતા ૧૧ સર્વે નંબરોમાં સાચા હુકમો મળી આવતા આ સર્વે નંબરોમાં દસ્તાવેજો ઉપરનો પ્રતિબંધ ઉઠાવી દેવામાં આવ્યો હતો. જોકે હવે આ મામલે પોલીસે તપાસ પૂર્ણ કરી TDO ના બોગસ હુકમોમાં ૨૪ ઈસમો સામે ૨૬૦૦ પાનાની જ્યારે SDM,DDO, તેમજ કલેકટરના બોગસ હૂકમોમાં ૬૩૭૦ મળી ૯૦૦૦ પાનાની જમ્બો ચાર્જશીટ કોર્ટમાં જમા કરાવી છે.

### નકલી NA પ્રકરણમાં ફક્ત બે આરોપીઓને રેગ્યુલર જામીન મળ્યાં.

પોલીસ ચોપડે નોંધાયેલી ૯ ફરિયાદો કુલ ૯૪ જેટલા આરોપીઓ સામે નામજોગ ગુના દાખલ થયા છે. જેમાં અત્યાર સુધીમાં ફક્ત બે જમીન દલાલોને મેડિકલ ગ્રાઉન્ડ ઉપર રેગ્યુલર જામીન મળ્યા છે. જ્યારે બાકીના અન્ય કેટલાંક આરોપીઓના કોઈના હાઈકોર્ટમાં તો કોઈના સુપ્રીમ કોર્ટમાં, તેમજ કોઈએ સેશન કોર્ટમાં જામીન માટે અરજી કરી છે.

### NA કેસમાં સામેલ આરોપીઓ માંથી ૨૦ આરોપી મૃત્યુ પામ્યા.

પોલીસ ચોપડે નામજોગ દાખલ થયેલી ફરીયાદોમાં ૨૦ થી વધુ આરોપીઓના મોત થયા હોવાનું પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું છે. જેમાં મરણ પામેલા આરોપીઓના મરણના દાખલા તેમજ તેમના કુટુંબીજનોના નિવેદનો બાદ જરૂરી રિપોર્ટ પોલીસ દ્વારા નામદાર કોર્ટમાં રજૂ કરવાં માટે પ્રોસેસ હાથ ધરવામાં આવી છે.

### મોટાભાગના કસોમાં શેશવ અને રામુ પંજાબીના નામ ખુલ્યા.

નકલી એનએ પ્રકરણમાં નોંધાયેલ તમામ ફરિયાદોમાં તપાસ દરમિયાન મોટાભાગના કેસોમાં જેતે મિલકત ધારકો, વચેટીયાઓ,જમીન દલાલો દ્વારા રામુ પંજાબી, અને શેશવ પરીખ જોડે સંપર્ક કરી તેમના મારફતે ગઅ કરાવ્યા હોવાનુ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. આ કેસમાં શેશવ પરીખ હાલ જેલમાં બંધ છે. જ્યારે રામુ પંજાબી ગઅ પ્રકરણ સામે આવ્યા બાદથી જ અંડર ગ્રાઉન્ડ થતાં હાલ પોલીસ ચોપડે વોન્ટેડ છે.

### ત્રણ સર્વે નંબરોના હુકમ નંબરમાં ક્ષતિ જોવાતા શંકાસ્પદ સર્વે નંબરોમાં સામેલ.

શંકાસ્પદ સર્વે નંબરોમાં દાખલ થયેલી ફરિયાદોમાત્રણ સર્વે નંબરો પોલીસ સમક્ષ તપાસમા આવ્યા હતા જેમાં બિનખેતીના હૂકમ મેળવવા અંગે સરકારના નીતિ નિયમ મુજબ કરવાની થતી તમામ પ્રોસેસો જેવી કે, અરજી, ચલણ, અભિપ્રાય, સ્થળ ચકાસણી,નકશા સહિતનાં રીપોર્ટ ચોખ્ખી રીતે કરવામાં આવ્યા હતા. પરંતુ બિનખેતીના હુકમોમાં પાડવામાં આવતા આવક જાવકના નંબરોમાં ક્ષતિ જણાતા આ ત્રણ સર્વે નંબરો પણ શંકાસ્પદ સર્વે નંબરોમાં સામેલ કરવામાં આવ્યા હતા. હવે પોલીસ આ ત્રણ સર્વે નંબરોમાં અલગ રીતે તપાસ કરી સરકારમાં રિપોર્ટ કરશે. અને સરકારમાંથી નક્કી થયા બાદ આ સર્વે નંબરો અંગે કોઈ નિર્ણય લેવાશે.

### NA કેસનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો.

નકલી NA કેસમાં સંડોવાયેલા આરોપીઓ જામીન મેળવવા છેક સુપ્રીમ કોર્ટે સુધી પહોંચ્યા છે.જે જેમા માસ્ટર માઈન્ડ શૈશવ પરીખને બે માંથી એક કેસમાં જામીન મળ્યાં છે. આ ઉપરાંત બિલ્ડર કુતબી રાવત અને જશવંત હાંડાની ધરપકડ ઉપર સ્ટે મળતા સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. બીજી તરફ પોલીસે ૨૩ પાનાનું ડેફીટિવિટ સુપ્રિમ કોર્ટમાં રજૂ કર્યું હતું.જેમા પોલીસ તરફે એડિશનલ સેલિસોટર જનરલ એસ.વી રાજુ દ્વારા સુપ્રીમ કોર્ટમાં ધારદાર રજૂઆત કરવામાં આવી હતી. જેમા કુતતી રાવતના વકીલ દ્વારા પોલીસથી એફિડેવીટ સામે અભ્યાસ કરવા માટે ૧૫ દિવસની મુદત માગતા આ કેસમાં ૧૫ દિવસ બાદ વધુ સુનવણી હાથ ધરાશે.

# ઝાલોદ પાલિકા ચુંટણીની આપ પાર્ટીની દિલ્હીમાં હાર બાદ પાલિકામાં આપ પાર્ટીના ઉમેદવારો નુકશાન થશે ?




દિલ્હી વિધાનસભા ચૂંટણી પરિણામો મા કેજરીવાલ ની હાર સાથે આમ આદમી પાર્ટીની સરકાર ના કારમાં પરાજયમાં... દે.બારીઆ અને ઝાલોદ ન.પાલિકા ઓ ના ચૂંટણી જંગમાં આમ આદમી પાર્ટી ને'' દિલ્હી આફ્ટર શોક'' સહન કરવો પડશે એવા રાજકીય વિશ્લેક્ષકો ના મંતવ્યો..!!

દાહોદ,

દિલ્હી વિધાનસભા ચૂંટણીઓ ના આજરોજ જાહેર થયેલા ચૂંટણી પરિણામો મા વર્ષો પછી ભા.જ.પ.ના શાનદાર વિજય ની સાથોસાથ આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ ની સાથોસાથ આપ સરકારના ધોર પરાજય ની અસરો હવે ગુજરાત મા સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીઓ મા આમ આદમી પાર્ટીના ઉમેદવારો ને હવે દિલ્હી ના પરાજય નો સામનો કરવો પડે એવા અચાનક રાજકીય સમીકરણો બદલાયા છે.એમા મુખ્યત્વે દાહોદ જીલ્લામાં દે.બારીઆ અને ઝાલોદ ન.પાલિકા ચૂંટણી જંગમાં આમ આદમી પાર્ટીએ તમામ વોર્ડ મા પોતાની પેનલો ના ઉમેદવારો ઉતારી ને રાજકીય જુસ્સા સાથે પાલિકા ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતુ પરંતુ દિલ્હી વિધાનસભા ચૂંટણીઓ ના નાલેશીભર્યા ચૂંટણી પરિણામો બાદ આમ આદમી પાર્ટી ને રાજકીય નુક્સાન સહન કરવાનો વખત આવે એમ રાજકીય અભ્યાસુઓ કહી રહયા છે.જો કે સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીઓ મા ઉમેદવારો ની વ્યક્તિગત પ્રતિભાઓ અને સ્થાનિક પ્રશ્નો જ મુદ્દાઓ અસરકારક બનતા હોય છે.ત્યારે દિલ્હી ના પરિણામો સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓ મા આમ આદમી પાર્ટી માટે કેટલા અસરકારક બનશે આ જવાબ માત્ર સમય જ આપી શકે એમ છે.

દાહોદ જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીઓ મા દે.બારીઆ ન.પાલિકા ના ૬ વોર્ડ અને ઝાલોદ ન.પાલિકા ના ૭ વોર્ડ મા ભાજપ – કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ના ત્રિકોણીયા રાજકીય ચૂંટણી જંગમાં અપક્ષો પણ સામેલ છે.આ બન્ને નગર પાલિકાઓ ના ચૂંટણી જંગમાં આમ આદમી પાર્ટી એ દરેક વોર્ડ મા પોતાની પેનલના ઉમેદવારો ને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.પરંતુ દિલ્હી વિધાનસભા બેઠક ના આજરોજ જાહેર થયેલા ચૂંટણી પરિણામો મા ભાજપ ના વનવાસ ને દૂર કરતા ઝળહળતા વિજય નો લાભ ભાજપ ને કરાવે કે ના કરાવે પરંતુ આમ આદમી પાર્ટી ની સરકાર ના કારમાં પરાજય નો આ વનવાસ આમ આદમી પાર્ટી ને ભારે રાજકીય નુક્સાન કરે એવા રાજકીય આફતો ના સંકેતો જરૂરથી દેખાશે એવી રાજકીય ચર્ચાઓ શરૂ થવા પામી છે.

# વિદ્યાર્થીનીઓની છેડતીના આરોપી પ્રોફેસર રાજેન્દ્ર મેકવાનની લીમખેડાની નર્સિંગ કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે નિમણૂક કરવામા આવતા ઉઠ્યા અનેક સવાલો



દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા ખાતે આવેલી નવજીવન ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ કોલેજમાં એક વિવાદાસ્પદ નિમણૂક સામે આવી છે. પ્રોફેસર રાજેન્દ્ર મેકવાન, જેમના પર અગાઉ અમદાવાદની નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીનીઓ સાથે છેડતીના આરોપો લાગ્યા હતા અને અમદાવાદના પોલીસ સ્ટેશનમા ફરિયાદ પણ નોંધાઈ હતી, એવા લંપટ લેકચરરની પ્રિન્સીપાલ તરીકે તારીખ ૨૦ જૂન, ૨૦૨૪ના રોજ લીમખેડા ખાતે આવેલ નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ તરીકે નિમણૂક કરવામાં આવતા વિદ્યાર્થીનીઓની સુરક્ષા સામે સવાલો ઉભા થયા છે.

આ નિમણૂકથી કોલેજની વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ સભ્યોમાં ચિંતા અને ભયનો માહોલ છે. વિશેષ રૂપે, અમદાવાદ નર્સિંગ કોલેજમાં તેમના પૂર્વ રેકોર્ડને ધ્યાનમાં રાખતા, વિદ્યાર્થીનીઓની સુરક્ષા અંગે પ્રશ્નો ઉભા થયા છે.મહત્વપૂર્ણ નોંધ એ છે કે આ નર્સિંગ કોલેજ ભાજપ સંગઠન સાથે જોડાયેલી હોવાનું કહેવાય છે. સ્થાનિક સમુદાયમાં માગ સામે આવી રહી છે કે સત્તાધિશ પક્ષે પ્રો. મેકવાન સામે તપાસના આદેશ આપવા જોઈએ. વિદ્યાર્થીનીઓના ભવિષ્ય અને સુરક્ષાને દયાનમાં રાખીને કોલેજના સંચાલકો અને સંબંધિત અધિકારીઓએ આ મામલે ગંભીર નોંધ લેવી જરૂરી બની ગઈ છે

# દાહોદ જીલ્લાના ઝાલોદ નગરપાલિકા ની ચૂંટણીમાં મોટાં પ્રમાણમાં ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે ત્યારે નગરપાલિકાનાં પુર્વ કાઉન્સિલરો થીં નગરનાં વિવિધ વિસ્તારોના વિકાસના કામો ન થતાં નગરજનોમાં પુર્વ કાઉન્સિલરો ઉપર નારાજગી જોવાં મળી હતી.?




ઝાલોદ,

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીમાં ૧૦૮ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે ત્યારે નગરપાલિકા ની સત્તા મેળવવા માટે કુલ ૨૮ ઉમેદવારો જોઈએ છે ત્યારે નગરજનો દ્વારા કેવાં ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે તે તો આવનારો સમય બતાવશે.?

ઝાલોદ નગરપાલિકાની ખુરશી ઉપર બેસવા માટે અનેક મોટા માથાઓ કમરકસી રહ્યા છે ત્યારે ઝાલોદ નગરપાલિકાની ખુશી કોનાં ભાંગે જશે તે તો જોવાનું રહ્યું.?

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીમાં અનેક ઉમેદવારો પોતાના વિસ્તારમાં જઈને પોતાને જીતવા માટે અવનવી વાતો ને વિકાસના કામો કરીશું તેવા વાયદાઓ કરતા હોય છે જ્યારે નગરજનો તેમના ઉપર વિશ્વાસ મુકીને ચુંટીને લાવતાં હોય ત્યારે નગરજનોમાં એક માંગણી હોય છે કે ઝાલોદ નગરનો વિકાસ થશે ખરો કે પછી..? પુર્વ કાઉન્સિલરો જેમ પાલિકાની તિજોરી તળીયા ઝાટક કરી એમ ફરીથી નવાં ચૂંટાઇને આવશે તે પણ પાલિકાની તિજોરી તળીયા ઝાટક કરવા માટે તો નથી આવતાં ને કે પછી નગરનાં હિતમાં વિચારશે ખરાં કે પોતાના ઘરો નો વિકાસ કરશે તે તો આવનારો સમય બતાવશે.?

ઝાલોદ નગરના વિવિધ વિસ્તારોની કાયમી ધોરણે સમસ્યાઓ દૂર થશે ખરી તેવું નગરમાં ચર્ચાઈ રહ્યું છે. ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં અનેક જગ્યાએ પાણીની સમસ્યાનો ઉકેલ,વિવિધ વિસ્તારોમાં લાઇટ બંધ હોવાથી અનેક લોકો ને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે, અનેક વિસ્તારોમાં રોજ ગટરોની સાફસફાઈની સમસ્યાઓ , તૂટેલાં રોડની સમસ્યાઓ, ભૂગર્ભ ગટરનુ પાણી રોડ ઉપર ઉભરાવાની સમસ્યાઓ, નગરપાલિકા વિસ્તારમાં આવેલ અનેક સોસાયટીઓમાં પાકાં રસ્તાઓ નથી ત્યાં પાકાં રસ્તાઓનો અભાવ અનેક વિસ્તારોમાં ગટર લાઇન નથી જેવી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે જ્યારે નગરજનો ને આ બંધી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે ખરી કે પછી પુર્વ કાઉન્સિલરો જેમ ખોટા વચનો તો નહીં આપે ને..?

ઝાલોદ નગરપાલિકાનાં પુર્વ કાઉન્સિલરો દ્વારા એવું કહેતા હોય છે કે અમે નગરનો વિકાસ કર્યો પણ નગરજનો માં એવું પણ ચર્ચા રહું છે કે ખાલી પુર્વ કાઉન્સિલરો એ તેમના ઘરો નો જ વિકાસ કરવામાં આવ્યો છે તેવા આક્ષેપો નગરજનો દ્વારા પર્વ કાઉન્સિલરો ઉપર લગાવામાં આવ્યા હતા.!

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીનાં ઉમેદવારો જાહેર થતાં અનેક મોટા માથાંઓ પોતાનાં ઉમેદવારોને જીતાડવા માટે મેદાનમાં ઉતરશે ત્યારે ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીને લઈને નગરમાં અનેક ચર્ચાઓએ પણ વેગ પકડયો છે ત્યારે ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારો જાહેર થતાં નગરમાં ગરમાવો જોવાં મળી રહ્યો છે ત્યારે ઝાલોદ નગરનાં વિવિધ વિસ્તારોમાં પુર્વ કાઉન્સિલરો અને નવાં ઉમેદવારો અંદર ખાનગી મિટિંગો કરતા હોય છે ત્યારે ઝાલોદ નગરપાલિકા ની સત્તા કોના ફાળે જશે તે પણ નગરમાં ચર્ચા રહ્યું છે કારણકે મોટા પ્રમાણમાં અપક્ષ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે ત્યારે ભાજપના ઉમેદવારોમાં ક્યાંક ને ક્યાંક સંકલન ન હોવાના કારણે પણ સત્તા છીનવાઈ જાય તેવી પરિસ્થિતિ પેદા થાય તેવું નગરમાં ચર્ચા રહ્યું છે

અનેક ભાજપના કાર્યકર્તાઓની ટિકિટો કપાતાં અનેક કાર્યકર્તાઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, અને મોટા પ્રમાણમાં અપક્ષ ઉમેદવારો વચ્ચે કોણ બાજી મારશે તે તો આવનારો સમય બતાવશે.?

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીમાં ચાર પક્ષના ઉમેદવારો મેદાનમાં ઉતરશે જેમાં ભાજપ, કોંગ્રેસ , આમ આદમી પાર્ટી, અપક્ષ તેમ ચાર પક્ષ પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે ત્યારે ક્યો પક્ષ નગરપાલિકાની સત્તા મેળવશે તે તો આવનારો સમય બતાવશે.?

ઝાલોદ નગરના નગરજનો પોતાના વિસ્તારના વિકાસના કામો અને નગરનું હિતમાં વિચારશે તો સારો ઉમેદવાર જીતશે તો નગરનો વિકાસ થશે ત્યારે સારો ઉમેદવાર ઈચ્છતા હોય તો સારાં અને લિડર અને નગરને પોતાનું સમજી વિકાસ કરે તેવા સ્વચ્છ પ્રતિભાવ ધરાવનારા ઉમેદવારો ને વોટ આપી ને નગર નો વિકાસ કરાવીશું નહીંતર પુર્વ કાઉન્સિલરો જેમ નગરનો વિકાસ નહીં પણ પોતાનો વિકાસ કરશે જેમાં કોઈ નવાઈની વાત નહીં..?

# દે.બારીયા શહેરમાં મંગળવારના બદલે રવિવારે વીજ પુરવઠો બંધ રાખવામાં આવે છે ???

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં મધ્ય ગુજરાત વીજ કંપનીના દ્વારા દર મંગળવારે વીજ પ્રવાહ બંધ રાખીને મેન્ટનન્સનું કાર્ય કરવામં આવતો હતો. હવે છેલ્લા બે આતરે રવિવારે સવારના ૭.૦૦ કલાકે થી સાંજે ૪.૦૦ કલાક સુધી વીજ પુરવઠો બંધ કરવામાં આવે છે. શહેરની આમ જનતા એક બીજાને પુછી રહી છે કે મંગળવારના બદલે હવે રવિવારે એમ.જી.વી.સી.એલ.ના દ્વારા મેન્ટેનન્સ કાર્ય કરવામાં આવે છે શું ? એક સપ્તાહમાં બે દિવસે તો વીજ પ્રવાહ બંધ નહિ રહે તે વીજ વિભાગ ખુલાસો કરશ ખરી ?

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરમાં વર્ષોથી દર મંગળવારના દિવસે વીજ પ્રવાહ મેન્ટનન્સના કાર્ય કરવા ખાતર બંધ રખાતો હતો પરંતુ છેલ્લા બે રવિવાર એક રવિવારને છોડીને વીજ પ્રવાહ બંધ રાખવામાં આવ્યો છે. જેના અનુસંધાને તા.૦૯/૦૨/૨૦૨ના રોજ સવારે ૭.૦૦ કલાકે થી ૪.૦૦ કલાક સુધી વીજ પ્રવાહ બંધ રાખવામાં આવ્યો હતો. જેથી શહેરવાસીઓમાં કુતુહલ જાગી હતી કે, મંગળવારના બદલે રવિવારના દિવસે વીજ પ્રવાહ બંધ રાખે શું ? મંગળવારનો દિવસ મેન્ટનન્સ કાર્ય કરવા માટે જે બરોબર હતો. કારણ કે રવિવારે રજા હોય છે. સામે લગનની સીજનમાં વધારે પડતા લગન રવિવારે હોય છે. તેમજ સામાજીક કાર્યો પણ રવિવારે રાખવામાં આવતા હોય છે. સામે આવતા તેહવારો તથા લગનો અને ઉપરથી કારમો ઉનાળાની સીજનમાં આમ જનતા અને માનવતા વીજ કંપની ગ્રાહકોને ત્રાહિમામ ગરમીમાં ના થાય તે ધ્યાને લઈનો મેન્ટનન્સ કાર્યો કરવામાં આમા આવે તે એરીયા મુજબ મેન્ટનન્સ કાર્યો કરવામાં શું ? વાંધો હોય શકે મહાનગરોમાં તો આક્ષમીત ફોલ્ટના થાય ત્યાં સુધી કોઈ પણ સંજોગોમાં વીજપ્રવાહ બંધ નથી કરવામાં આવતો આપણી સંવેદન અને ગતિશીલ સરકારે તો કોઈપણ કારણ વગર વીજ પ્રવાહ બંધ ના રહે તેવા પ્રયત્નો કરાઈ રહ્યા છે. વીજ પુરવઠો બંધ કરાતા ધંધા રોજગારમાં નુકશાની થાય છે. તેમજ આમ જનતા ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠે છે. જેથી વીજ પ્રવાહ વધુ સમય બંધ ના રહે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવે તેની શહેરીજનોની માંગ ઉઠવા પામી છે.

# દાહોદ શહેરની પરણિતાને અન્ય સાથે આડા સંબંધોના વ્હેમ રાખી પતિ અને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં રહેતી એક ૪૦ વર્ષિય પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા પરણિતા ઉપર અન્ય પુરૂષો સાથેના આડા સંબંધનો ખોટો શક, વહેમ રાખી પરણિતાને શારીરિક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતાએ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેરમાં ગોવિંદનગર ખાતે રહેતાં ૪૦ વર્ષિય નિકીતાબેન અનુપભાઈ દોશીના લગ્ન તારીખ ૨૭.૦૧.૨૦૧૧ના રોજ દાહોદ શહેરમાં ગોદી રોડ ખાતે મહાવીરનગર સોસાયટીમાં રહેતાં અનુપભાઈ અશોકભાઈ દોશી સાથે પ્રેમ લગ્ન કર્યા હતાં ત્યારે લગ્નના થોડા સમય સુધી નિકીતાબેનને તેના પતિ અનુપભાઈ તથા સાસરી પક્ષના અશોકભાઈ ઝવેરીલાલ દોશી તથા પ્રેમીલાબેન અશોકભાઈ દોશીએ સારૂ રાખ્યા બાદ તેઓનું પોત પ્રકાશ્યું હતું અને અવાર નવાર પરણિતા નિકીતાબેન સાથે ઝઘડો તકરાર કરી અન્ય પુરૂષો સાથે આડા સંબંધ રાખતાં હોવાના ખોટા શક, વહેમ રાખી પતિ અનુપભાઈ દ્વારા પરણિતા નિકીતાબેનને મારઝુડ કરતો હતો અને છુટાછેડા આપવા માટે ધમકીઓ પણ આપતો હતો ત્યારે તેના આ સાથ સહકારમાં અશોકભાઈ અને પ્રેમીલાબેન પણ અનુપભાઈને ખોટી ચઢામણીઓ કરી પરણિતા નિકીતાબેન શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા નિકીતાબેન અનુપભાઈ દોશીએ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ પાલિકા ચુંટણીમાં ઉમેદવારોના ચુંટણી પ્રતિકો ચેક કરાવી સીલ કરાયા



દાહોદ,

ઝાલોદ સાંઈસ કોલેજ ખાતે નગરપાલિકા ચૂંટણી અંતર્ગત ઉમેદવારોના ચૂંટણી પ્રતિકો ચેક કરાવી શીલબંધ કરવા અંગેની કામગીરી કરવામાં આવી.પ્રાંત અધિકારી અને મામલતદારની અધ્યક્ષતા હેઠળ સમગ્ર પ્રક્રિયા હાથ ધરાઈ ઝાલોદ નગરમાં ૧૬–૦૨–૨૦૨૫ રવિવારના રોજ નગરપાલિકાની ચૂંટણી તેમજ તાલુકા પંચાયતની પેટા ચૂંટણી યોજાવા જઈ રહેલ છે ત્યારે ઝાલોદ નગરના પ્રાંત અધિકારી તેમજ ચૂંટણી અધિકારી એ.કે.ભાટીયા અને મામલતદાર પરમાર નાયબ ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને મતદાન મથકો ઉપયોગ લેવા માટે તૈયાર કરાવવા તેમજ જેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહેલ છે તેવા ઉમેદવારોના નામ અને પ્રતીકો ધરાવતું મતપત્ર ( લેબલ ) ગોઠવી લગાવી સીલબંધ કરવા અંગે પ્રિપરેશન કાર્યવાહી ઉમેદવારોને સાથે રાખી ચેક કરાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેથી ઉમેદવારોના નિશાન નામ તેમજ ક્રમ નંબર પ્રમાણે ઈ.વી.એમ મશીન કામ કરે છે કે નહીં અને તે યોગ્ય છે તે માટે ખરાઈ કરવા ઉમેદવારોને બોલાવી આ સમગ્ર પ્રક્રિયા ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ હાથ ધરવામાં આવી હતી.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માત બનાવોમાં ૩ વ્યકિતઓના મોત

દાહોદ,

દાહોદ જીલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માત બે બનાવોમાં ત્રણ વ્યક્તિઓના મોત નીપજતાં જેતે પોલીસ મથકે ફરિયાદ નોંધાંવવા પામી છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદના મોટી લછેલી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૬ ફેબ્રુઆરીના રોજ એક ઓટો રીક્ષા ચાલકે પોતાના કબજાની ઓટો રીક્ષા પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે સામેથી આવતી મોટરસાઈકલને અડફેટમાં લેતાં સુરેશભાઈસ કૈલાશબેન અમલીયાર તથા ચીરાગીબેન રોડ પર ફંગોળાતાં તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં જેમાં ચીરાગીબેનને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. આ સંબંધે સુરેખાબેન સુરેશભાઈ માવીએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડાના ઢઢેલા ગામેથી પસાર થતાં નેશનલ હાઈવે રોડ પર બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૬ ફેબ્રુઆરીના રોજ એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક ટ્રકની શોર્ટ બ્રેક મારતાં ટ્રકની પાછળ આવી રહેલ મોટરસાઈકલ ટ્રકની પાછળ ધડાકાભેર ઘુસી જતાં મોટરસાઈકલ પર સવાર ભરતભાઈ મનુભાઈ હઠીલા તથા ધ્રૂવ સુક્રમભાઈ હઠીલા ટ્રકની પાછળ મોટરસાઈકલ સાથે ધડાકાભેર અથડાતા બંન્ને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં બંન્ને મોત નીપજ્યાં હતાં. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ મૃતકના પરિવારજનો થતાં તેઓ પણ સ્થળ પર દોડી આવ્યાં હતાં જ્યારે ટ્રકટનો ચાલક માર્ગ અકસ્માત સર્જી ટ્રક સ્થળ મુકી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ સંબંધે બચુભાઈ વરસીંગભાઈ હઠીલાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.144

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ભોપાલ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની બહુ ભાષીય સેમિનારમાં પંચમહાલનું પ્રતિનિધિત્વ હાલોલ તાલુકાના પ્રતાપપુરા ગામની પ્રાથમિક શાળાના આચાર્ય ચેતનભાઈ માસ્ટરે કર્યું હતું



હાલોલ,
ભારત દેશ એ અનેક વિવિધતાઓ સાથેની બહુ ભાષીય ભાષાઓ ધરાવતો અને અલગ અલગ ભિન્નતાઓ ધરાવતી બહુ સંસ્કૃતિને ઉજાગર કરતો દેશ છે જેમાં સમગ્ર દેશના તમામ રાજ્યોની ભાષાઓ અલગ છે અને રાજ્યોમાં પણ અલગ અલગ ગાઉની ભાષા અલગ અલગ રીતે બોલાય છે જેમાં સૌને પોતાની માતૃભાષા સૌથી વહાલી અને પ્રિય હોય છે જેને લઈને રાષ્ટ્રીય શિક્ષણનીતિ અનુસાર દરેક પ્રાથમિક શાળાઓમાં બાળકોનું પ્રાથમિક શિક્ષણ પણ પોતાની માતૃભાષામાં જ થવું જોઈએ જેને લઈને બાળક પોતાની માતૃભાષાને તેમજ પોતાની સંસ્કૃતિને સૌથી શ્રેષ્ઠ રીતે સમજી શકે જે વિચારને રાષ્ટ્રીય ફલક પર મૂકવાના અભિગમ સાથે ગત તારીખ ૩૧/૦૧/૨૦૨૫ થી તારીખ ૦૪/૦૨/૨૦૨૫ ના રોજ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે આવેલી આર.આઈ.ઈ. સંસ્થાન ખાતે પાંચ દિવસીય બહુ ભાષીય અને બહુ સંસ્કૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દેશના ૩ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત રાજ્યો મળી કુલ ૫ દેશો વચ્ચે યોજાયેલ આ સેમિનારમાં ગુજરાત ભરમાંથી ૧૪ જેટલા શિક્ષકોએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું જેમાં પંચમહાલનું પ્રતિનિધિત્વ કરવાનું સૌભાગ્ય હાલોલ (પંચમહાલ) પંથકમાં સતત સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી સતત તમામ સમાજના હિત અને શિક્ષણના હિતનું કાર્ય કરતા હાલોલ (પંચમહાલ)ના સામાજીક કાર્યકર અને શિક્ષણ જગતના માધાંતા ગણાતા શિક્ષક અને હાલોલ તાલુકાની પ્રતાપપુરા પ્રાથમિક શાળાના આચાર્ય એવા ચેતનકુમાર શાંતિલાલ વાણંદ (માસ્ટર)ને પ્રાપ્ત થયું હતું જેમાં ચેતનકુમારે વાળંદે ભોપાલ ખાતેની આ ૫ દિવસીય આ સેમિનારમાં હિસ્સો લઈ રાષ્ટ્રીય કક્ષાના શિક્ષણ જગતના મહાનુભવો આર.આઈ.ઈ. એન.સી.આર.ટી મંડળના ડીન ડૉ.મંડળ સાહેબ, ડૉ.સુરેશ મકવાણા તેમજ ગુજરાત રાજ્યના પૂર્વ નિયામક રાઘવજી માધડ શૈક્ષણિક જગતના પાંચ રાજ્યોમાંથી ઉપસ્થિત રહેલા ૫૦ થી વધુ શિક્ષણ વિદોની હાજરીમાં પંચમહાલની દર ચાર ગાઉએ બદલાતી પોતીકી બહુ ભાષિય અને વિભિન્નતામાં પણ ભિન્નતા ધરાવતી પંચમહાલની બહુ સંસ્કૃતિને રાષ્ટ્રીય કક્ષાએ ઉજાગર કરી પંચમહાલ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરી પંચમહાલ જીલ્લાનું નામ ભોપાલ ખાતે અંકિત કર્યું હતું જ્યારે પાંચ દિવસીય આ સેમિનારના અંતે ઉપસ્થિત તમામ શિક્ષણ જગતના મહાનુભાવોનું અભિવાદન કરી તેઓનો આભાર વ્યક્ત કરવાનો સૌભાગ્યપૂર્ણ અવસર પણ પંચમહાલનું પ્રતિનિધિત્વ કરતા આચાર્ય અને શિક્ષક એવા ચેતનકુમાર શાંતિલાલ વાળંદ (માસ્ટર)ને પ્રાપ્ત થયું હતું.

# કાલોલની સેટકો કંપનીના છુટા કરાયેલ કામદારોને સાંભળીને કંપની મેનેજમેન્ટ સાથે ધારાસભ્ય સાંસદની મીટીંગમાં ૧૨૦ કર્મચારીઓને લેવાની તૈયારીથી કામદરોમાં નારાજગી

કાલોલ,
કાલોલના હાઈવે રોડ ઉપર આવેલ સેટકો ઓટો સીસ્ટમ પ્રાઈવેટ લી.ના ૩૦૦ ઉપરાંત કામદારો કંપની દ્વારા છુટા કરી દેવામાં આવ્યા હતા. છુટા કરવામાં આવેલ કામદારો કંપની બહાર ધરણાં ઉપર ઉતર્યા છે. સ્થાનિક સાંસદ અને ધારાસભ્યની ઉપસ્થિતીમાં યોજાયેલ બેઠકમાં કંપની દ્વારા છુટા કરવામાં આવેલ ૩૦૦ કર્મચારીઓ પૈકી માત્ર ૧૨૦ કર્મચારીઓને લેવાની તૈયારી દર્શાવતા કર્મચારીઓમાં અસંતોષ ફેલાયો હતો. કર્મચારીઓએ પોતાની માંગણી અને ધરણા ચાલુ રાખ્યા છે.

કાલોલની સેટકો ઓટો સીસ્ટમ પ્રાઈવેટ લી.માં કામ કરતા કામદારોએ કંપની મેનેજમેન્ટ અને કોન્ટ્રાકટર પાસે સેફટી સુઝ, વેતન વધારો તેમજ ૧૦ વર્ષથી કંપનીમાંઃ કામ કરતા કામદારોને કાયમી કરવાની માંગ કરતા ૩૦૦ ઉપરાંત કામદારોને કંપની દ્વારા છુટા કરી દેવામાં આવ્યા હતા. કંપની દ્વારા છુટા કરવામાં આવેલ કામદારો પંચમહાલ જીલ્લા કલેકટર અને શ્રમ આયોગ વિભાગ કચેરીને લેખિત રજુઆત કરાઈ હતી. જેનો યોગ્ય નિકાલ નહિ આવ્યો ન હોવાથી છુટા કરાયેલા કામદારોએ કંપની ગેટ બહાર ધરણા યોજયો હતો. જીલ્લા શ્રમ આયોગ વિભાગ દ્વારા કાલોલ વિશ્રામગૃહ સામે ખુલ્લા પ્લોટમાં કામદારોના પ્રશ્નોની ચર્ચા કરાઈ હતી. આ ચર્ચામાં પંચમહાલ સાંસદ અને ધારાસભ્ય સાથે કામદારોએ કંપની માંથી છુટા કરવા અને તેમની પડતર માંગણી માટે ચર્ચા કરી હતી. સાંસદ અને તેમની પડતર માંગણી માટે ચર્ચા કરી હતી. સાંસદ અને ધારાસભ્ય દ્વારા સેટકો કંપનીના એચઆર વિભાગને સર્કીટ હાઉ ખાતે બોલાવી મીટીંગ કરતા છુટા કરવામાં આવેલ ૩૦૦ કામદારો પૈકી ૧૨૦ કર્મચારીઓને નવા કોન્ટ્રાકટમાં જોડાવાના નિર્ણયને લઈ કામદારોએ પોતાની ધરણા કાર્યક્રમ યથાવત રાખ્યો હતો.

# જ્ઞાનમંજરી કેરિયર ઈન્સ્ટિટ્યૂટનું બાલાસિનોરની સહજાનંદ ગ્લોબલ સ્કૂલ સાથે જોડાણ



બાલાસિનોર,
બાલાસિનોર સ્થિત સહજાનંદ ગ્લોબલ સ્કૂલ નવા સત્ર જૂન ૨૦૨૫ થી ઊંઞ્ થી ૧૨ ધોરણ નુ ભાવનગર સ્થિત જ્ઞાનમંજરી સાથે શૈક્ષણિક જોડાણ કર્યું જેથી બાલાસિનોર તાલુકા અને ખેડા જીલ્લા તથા અન્ય તાલુકા ના વિદ્યાર્થી ઓ ને હવે ઉચ્ચ શિક્ષણ માટે મોટા શહેરો માં નહિ જવું પડે અને પોતાના તાલુકા માં જ ધોરણ ૧૨ સાયન્સ (JEE/NEET/GUJCATE) નો સંપૂર્ણ અભ્યાસ ઉચ્ચ ડિગ્રી ધરાવતા અનુભવી શિક્ષકો દ્વારા શિક્ષણ નો લાભ ગુજરાતી મીડીયમ અને અંગ્રેજી મીડીયમ સાથે બાલાસિનોર સહજાનંદ ગ્લોબલ સ્કૂલ ખાતે મળી રહેશે ગઈકાલે તા. ૮/૨/૨૦૨૫ ને શનિવાર ના રોજ સાંજે ૪.૦૦ થી ૮.૦૦ સમય દરમિયાન જ્ઞાનમંજરી ઈન્સ્ટિટ્યૂટ તથા સહજાનંદ સ્કૂલ ના સંયુક્ત ઉપક્રમે ઓપનિંગ સેરેમની ની ઉજવણી કરવામાં આવી જેમાં ૭૦૦ જેટલાં વાલી તથા વિદ્યાર્થી ઓ ઉપસ્થિત રહી જ્ઞાનમંજરી ની શૈક્ષણિક પદ્ધતિ અને રિજલ્ટ ડડઝ માધ્યમ થી નિહાળી ખુબ આનંદિત થયાં કાર્યક્રમ માં સહજાનંદ ગ્લોબલ સ્કૂલના ટ્રસ્ટી રમેશભાઈ પટેલ અને ભાવેશભાઈ, સંકેતભાઈ, મિતેશભાઈ, વિજયભાઈ તથા જ્ઞાનમંજરી કેરિયર ઈન્સ્ટિટ્યૂટ ના ઈઓિધ હરેશભાઈ ખોખાણી તથા ડાયરેક્ટર પ્રકાશભાઈ રામાણી ખાસ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમારંભ ને અંતે ભોજન લઈ સર્વે વાલીમિત્રો આનંદ ની લાગણી અનુભવી હતી.

# બાલાસિનોર ના દેવ ચોકડી પાસેથી એક લાખનો દારૂ ભરેલી ઈકો કાર ઝડપાઈ




બાલાસિનોર,
બાલાસિનોર તાલુકા પોલીસે બાતમીને આધારે દેવ ચોકડી પાસેથી ઈકોકાર ઝડપી લેતા તેમાંથી એક લાખ કરતા વધુની કિંમત નો દારૂ ઝડપ્યો હતો અને એક ઈસમની ધરપકડ કરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર બાલાસિનોર તાલુકા પોલીસને બાતમી મળી હતી કે એક સફેદ કલરની પટાવાળી ઈકો ગાડી નંબર જી.જે.૧૭.સી.એ ૯૦૧૧માં વિદેશી દારૂ લઈ જવાઈ રહ્યો છે તે બાતમીને આધારે તાલુકા પોલીસના પી.આઈ ડી.કે.ઠાકર પીએસઆઈ એન.એમ.ભુરીયા અને સ્ટાફે ઈકો ગાડી ઝડપી લઇ વિદેશી દારૂના ૯૦૬૦ ક્વાર્ટર ઝડપી લીધા હતા અને ઈકો કારના ચાલક કલ્પેશકુમાર નટવરસિંહ રાઠોડ રહે.વાસનના મુવાડા ફળિયુ તા.ગોધરાની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે રાજેશભાઈ ઉર્ફે નેનીયો અજમેલભાઈ બારીયા રહે. જુના ખાંધવા તા.શહેરા ભાગી ગયો હોય પોલીસે આ બંને વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# શહેરાના બલુજીના મુવાડા ગામે બારીયા ફળીયામાં ખેતરમાં જીવત વાયરો લટકતા હોય જે દુર્ઘટના પહેલા ઉંચા લેવાય તે જરૂરી



શહેરા,
શહેરા તાલુકાના બલુજીના મુવાડા ગામના બારીયા ફળિયામાં આવેલા એક ખેતરમાં જીવંત વીજ વાયર જમીનથી સાત ફૂટ ના અંતરે હોવાથી કોઈ દુર્ઘટના બને તે પહેલા વીજ કચેરી દ્વારા કામગીરી હાથ ધરવામાં આવે તે જરૂરી છે.

શહેરા તાલુકાના બલુજીના મુવાડા ગામના બારીયા ફળિયામાં આવેલા એક ખેડૂતના ખેતરમાં જીવંત વીજ લાઈન સાત ફૂટના અંતરે પસાર થતી હોય અકસ્માત નો ભય સદા છવાયેલો રહે છે,પાછલા કેટલાક સમયથી ખેડૂત ના ખેતર આ વીજ લાઈન ના વાયરો ઝુલતા હોવા છતા વીજ તંત્ર દ્વારા કોઈ પણ ગંભીરતા લેવા મા આવી રહી નથી. ખેતર મા ખેડૂત પરીવાર ભય હેઠળ કામ કરતા હોય તેમજ ખેતર મા ઝુલતા વીજ વાયર કોઈ નો જીવ લે તે પહેલા એમ.જી.વી.સી.એલ તંત્ર દ્વારા યુદઘ ના ધોરણે સમારકામ હાથધરે તે જરૂરી છે. ખેડૂત સનાભાઇ જેઠાભાઇ બારીયાના ખેતર માંથી પસાર થતી વીજ લાઈન નિયમ મુજબ ઉંચે નહિ હોવાથી ખેડૂતને કરંટ લાગવાનો ડર પણ રહેતો હોઈ ત્યારે મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા આ વિસ્તારમાં વીજ મેન્ટેનન્સ ની કરવામાં આવેલી કામગીરી સામે અનેક સવાલો ઊભા થતા જોવા મળી રહયા હતા. જોકે બલૂજીના મુવાડા તેમજ આજુ બાજુ ના ગામના અમુક વિસ્તારમાં વીજ થાંભલા નમી ગયેલ જોવા મળતા હોય ત્યારે વીજ મેન્ટેનન્સની કામગીરી કરવા માટે સપ્તાહમાં એક દિવસ વીજ કાપ મદય ગુજરાત વીજ કંપની દ્વારા કરવામાં આવતો હોવા છતાં કેવા પ્રકારની કામગીરી કરવામાં આવતી હશે તેવા અનેક સવાલો જાગૃત વીજ ગ્રાહકો માંથી ઉઠવા પામ્યા હતા.

# ગોધરા ભીલોડીયા પ્લોટ ઈસ્માઈલ મસ્જીદ પાછળ ગેરકાયદેસર ગેસ રીફલીંગ સ્થળે રેઈડ કરી ૪૦ ગેસ બોટલ મળી ૧.૫૬ લાખનો મુદ્દામાલ ઝડપ્યો



ગોધરા,
ગોધરા શહેરના ભીલોડીયા પ્લોટ વિસ્તારમાં ઈસ્માઈલ મસ્જીદ પાછળ આવેલ એક દુકાનમાં ગેરકાયદેસર ગેસ રીફીલીંગનો કારોબાર ચાલી રહ્યો છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રૂ.૧.૪૮ લાખની કિંમતના ૪૧ ગેસ સીલીન્ડર અને ઈલેક્ટ્રીક મોટર સહિત કુલ ૧.૫૬ રૂ. મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે.

ગોધરા શહેરના ભીલોડીયા પ્લોટ વિસ્તારમાં ઈસ્માઈલ મસ્જીદ પાછળ આવેલ એક દુકાનમાં ગેરકાયદેસર ગેસ રીફીલીંગનો ધંધો ચાલી રહ્યો છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ગેસ રીફીલીંગ સ્થળેથી ૪૧ ગેસ સિલીન્ડર અને ઈલેક્ટ્રીક મોટર કિંમત ૧.૫૬ લાખ રૂપીયાનો મુદ્દામાલ સાથે ગેરકાયદેસર પ્રવૃતિ ચલાવનાર શબ્બીર અબ્દુલ રજ્જક જુજારાની ધરપકડ કરવામાં આવી હતી. રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃતિ કરી લોકોના જીવ જોખમમાં મુકનાર સામે ગોધરા બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# દિલ્હી વિધાનસભામાં ભાજપની જીત થતાં શહેરા ભાજપે ફટાકડા ફોડી જીતને વધાવી



શહેરા,
શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ભાજપમાં ખુશીની લહેર છવાઈ હતી, દિલ્હીની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતા ઉજવણી કરવામાં આવી હતી. તાલુકા ભાજપ કાર્યાલય ખાતે તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેન્દ્રસિંહ પટેલ , જીલ્લા પંચાયત સદસ્ય કિરણસિંહ બારીયા,ભાજપ યુવા મોરચા નગર પ્રમુખ મયુર ભાઈ શાહ તેમજ મગન ભાઈ પટેલીયાની ઉપસ્થિતિમાં વિનુભાઈ નાયક ,અંબાલાલ વાળંદ દીપક બારીઆ, મહમંદભાઈ અને ઈરફાન પોચા, હરીશ ખુશાલાણી સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ એ ફટાકડા ફોડીને એકબીજા ને મો મીઠું કરાવી જીતની ખુશી વ્યક્ત કરી હતી.

# કાલોલ ખાતે નુતન વિશ્વકર્મા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા નિમીતે ભગવાન વિશ્વકર્મા ની ભવ્ય શોભાયાત્રા નીકળી



કાલોલ,
કાલોલ ખાતે ગોધરા વડોદરા હાઈવે પર નવા બનેલ ભગવાન વિશ્વકર્મા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા નિમીતે કાલોલ ખાતે વિશ્વકર્મા મંદિર ખાતે થી ભગવાનની વિશ્વકર્માની ભવ્ય શોભાયાત્રા બેન્ડ વાજા સાથે કાઢવામાં આવી હતી. જેમા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ તેમજ સુથાર, પંચાલ સમાજના અગ્રણીઓ અને સભ્યો જોડાયા હતા.હિન્દુ ધર્મ શાસ્ત્રો મુજબ ભગવાન વિશ્વકર્મા દેવતાઓના શિલ્પકાર હતા અને જયારે સૃષ્ટિનુ નિર્માણ કરવામાં આવ્યું હતું. સૃષ્ટિનુ નિર્માણ કરવામા આવ્યું. ત્યારે તેમને બ્રહ્માણના શિલ્પનુ કાર્ય આપવામાં આવ્યુ છે. તેથી ભગવાન વિશ્વકર્માને બ્રહ્માંડના પ્રથમ એંજિનિયરના રૂમાં પૂજવામાં આવે છે. શોભાયાત્રા સમગ્ર કાલોલ નગરમાં ફરી હતી.

# દિલ્હી ખાતે ચુંટણીમાં ભાજપની ભવ્ય જીત ૨૭ વર્ષ બાદ ભાજપ એ દિલ્હીમાં ભવ્ય સત્તા હાંસિલ કરતા કાલોલ ભાજપ કાર્યકર્તાઓએ આતશબાજી સાથે ઉજવણી કરી



કાલોલ,
દિલ્હી વિધાનસભા ચુંટણીમાં ભાજપને મળેલ પ્રંચડ વિજય ની સાંસદ રાજપાલસિંહ જાદવ અને ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ પ્રેરક ઉપસ્થિતિમાં કાલોલ તાલુકા ના ભાજપ કાર્યકરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.આમ આદમી પાર્ટીના શાસન ને સમાપ્ત કરી ભાજપે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવતા કાલોલ તાલુકા અને શહેર ભાજપ દ્વારા વિજય ઉત્સવ નું આયોજન કરાયું હતું.કાલોલ શહેર સ્થિત નગરપાલિકા ચુંટણી કાર્યાલય ખાતે સાંસદ રાજપાલસિંહ જાદવ અને ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ તથા એ પી એમ સી ના ચેરમેન ધર્મેન્દ્રસિંહ રાઠોડ,જીલ્લા ભાજપ ઉપાદયક્ષ ડોકટર યોગેશભાઈ પડ્યા,તાલુકા ભાજપ પ્રમુખ મહીદીપસિંહ ગોહિલ,પુર્વ પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ સહિતના અન્ય કાર્યકરો કાલોલ તાલુકા અને શહેર નાઅગ્રણીઓ ની ઉપસ્થિતિમાં વિજયોત્સવ ની આતશબાજી સાથે મીઠાઈ વહેચી મો મીઠું કરાવી કાલોલ શહેર સહિત તાલુકા ભાજપ દ્વારા દિલ્હીમાં જીત નો વિજય ને વધાવી લવોમાં આવ્યો હતો અને સાંસદ રાજપાલસિંહ જાદવ તેમજ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ સહિતના હોદેદારો તેમજ કાર્યકરો એ દિલ્હી જીતનો આતશબાજી સાથે જશન મનાવ્યો હતો.

# ગોધરા ભુરાવાવ એસબીઆઈના એટીએમ માં પૈસા ઉપાડવા ગયેલ વ્યકિતનું એટીએમ બદલી ૮૦ હજાર ઠગોએ ઉપાડી લેતાં ફરિયાદ

ગોધરા,
ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં આવેલ એસ.બી.આઇ. બેંકના એટીએમમાં પૈસા ઉપાડવા માટે ગયેલ પંચવટી સોસાયટીના રહિશ સાથે ત્રણ ઈસમોએ એટીએમ બદલી લીધું હતું અને એટીએમ કાર્ડ દ્વારા ૮૦ હજાર રૂપીયા ઉપાડી લઈ ઠગાઈ કરતા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા શહેરના સાંપા રોડ પંચવટી સોસાયટીમાં રહેતા મણીલાલ ધુળાભાઇ પ્રજાપતિ જે ભુરાવાવ એસબીઆઈ બેંકના એટીએમમાં પૈસા ઉપાડવા માટે ગયા હતા. ત્યારે કારમાં આવેલ ત્રણ ઈસમો એટીએમમાં પૈસા ઉપાડવાના ત્રણ વખત પ્રયાસ કરી રહેતા મણીલાલ પ્રજાપતિની મદદ કરવાના બહાનાથી ત્રણ ઈસમોએ હાથ ચાલાકીથી એટીએમ કાર્ડ બદલી લીધું હતું. બીજા દિવસે મણીલાલને મોબાઈલ ફોન ઉપર એકાઉન્ટ માંથી ૪૦હજાર રૂપીયા ઉપાડવાનો મેસજે આવ્યો હતો. જેથી મણીલાલ પ્રજાપતિએ એટીએમ કરતાં એટીએમ બદલાઈ ગયું હતુ અને મુળ એટીએમ કાર્ડ દ્વારા ૮૦હજાર રૂપીયા ઉપાડી લેવામાં આવ્યો હોવાની જાણ થત આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરામાં ૧૦માંથી ૮ પાર્ટી પ્લોટની પાલિકામાં નોંધણી નહિં, ટેક્સ ભર્યા વગર એક વખતમાં એક લાખ કમાય

ગોધરા
ગોધરા શહેરા અને સમાવેશ થયેલ ૬ ગ્રામ પંચાયતોમાં મળીને કુલ ૧૦ જેટલા પાર્ટી પ્લોટ આવેલ છે. પરંતુ આ પાર્ટી પ્લોટમાંથી પાલીકામાં ફક્ત ૨ પાર્ટી પ્લોટોની નોધણી કરવામાં આવી છે. જયારે બાકીના પાર્ટી પ્લોટની પાલિકાએ અગાઉ ગ્રામ પંચાયતમાં પણ નોંધણી થઇ નથી તોય ધમધમી રહ્યા છે. પાલિકામાં નોંધણી ન થતા લાખો રૂપિયાનું નુકસાન પાલિકાને થઇ રહ્યું છે.
હાલ લગ્ન સિઝન ચાલી રહી હોવાથી મોટા ભાગના લગ્ન ગોધરા શહેર અને તેની આસપાસના પાર્ટી પ્લોટમાં થઇ રહ્યા છે. રૂા.૧ લાખથી શરૂ થતા પાર્ટી પ્લોટના ભાડાઓના લીધે મધ્યવર્ગ કે ગરીબ લોકો પાર્ટી પ્લોટ લગ્ન કરાવી શકતા નથી. ગોધરા શહેર તથા પાલિકામાં સમાવેશ થયેલ ૬ ગ્રામ પંચાયત વિસ્તારમાં કુલ ૧૦ પાર્ટી પ્લોટ આવેલા છે. જેમા મોટા ભાગના વાવડી ગ્રા.પં.માં પાર્ટી પ્લોટ આવેલા છે.પાલીકાના વેરાવસુલાત અધિકારીના જણાવ્યા અનુસાર અગાઉ ગ્રામ પંચાયતમાં આવેલ પાર્ટી પ્લોટોએ ગ્રા.પં.માં પણ નોધણી કરાવી નથી. તેમજ પાલીકામાં સમાવેશ થયાને ૨ વર્ષ થયા છતા એક પણ પાર્ટી પ્લોટની પાલિકામાં નોંધણી થઇ નથી. ગોધરા શહેરના મોતીબાગ અને વણઝારા પાર્ટી પ્લોટની પાલિકામાં નોંધણી થઇ છે. બાકીના પાર્ટી પ્લોટની નોંધણી ન થતા પાલિકાને આવક ન થતા લાખો રૂપિયાનું નુકસાન થઇ રહ્યું છે. પાલિકાને પણ પાર્ટી પ્લોટની પ્રથમ આકારણી કરે તો આવક થાય તેમ છતા પાલિકાએ હજુ સુધી પાર્ટી પ્લોટની આકરણી કે અન્ય કોઇ કાર્યવાહી કરી નથી. જો પાર્ટી પ્લોટની નોંધણી વહેલી તકે પાલીકાએ કરાવી હોત તો આર્થીક રીતે ડુબેલી પાલિકાની આર્થિક સ્થિતિમાં સુધારો આવી શકે તેમ છે.
પાર્ટી પ્લોટમાં ફાયર સેફટી છે કે નહીં તેનું ચેકિંગ કરશે ગોધરા તથા આસપાસ આવેલા પાર્ટી પ્લોટમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોવા છતા અમુક પાર્ટી પ્લોટમાં ફાયર સેફટીના સાધનનો અભાવ જોવા મળ્યો છે. ત્યારે પાર્ટી પ્લોટમાં બાધકામ ગ્રાઉન્ડ ફલોરનું હોય તો ફાયર સેફટીના સાધનો રાખવા જરૂરી છે. તેમજ ઇમરજન્સી એકઝીટ પણ રાખવાનો હોય છે. ત્યારે ગોધરા ફાયર વિભાગ દ્વારા તમામ પાર્ટી પ્લોટની ફાયર સેફટીની વ્યવસ્થાનું ચેકીંગ કરશે અને ફાયર નિયમો મુજબ નહિ હોય તો કાર્યવાહી કરવાની ગોધરા ફાયર વિભાગના અધીકારીએ જણાવ્યું છે.
આકરણી કરી નિયમ મુજબનો ટેકસ લેવાની કાર્યવાહી કરીશું હાલ ૬ ગ્રામપંચાયત વિસ્તારોમાં આકારણીના સર્વે ચાલી રહ્યા છે. પણ પાર્ટી પ્લોટની નોંધણી હજુ પાલિકામાં થઇ નથી. સર્વેની ટીમ તાત્કાલિક મોકલીને પાર્ટી પ્લોટની માપણી કરીને આકરણી કરીને નિયમ મુજબનો ટેક્સ લેવાની કાર્યવાહી કરીશું.

# હાલોલની પોલિકેબ કંપનીના સમૂહલગ્નમાં ૬ હિન્દુ,૧ મુસ્લિમ દંપતીને ૯૨ વસ્તુનું કરિયાવર

હાલોલ
હાલોલ ઔદ્યોગિક વસાહતની પોલિકેબ કંપનીએ સામાજિક સમરસતાની અનોખી મિશાલ પેશ કરી છે. કંપની દ્વારા આયોજિત પ્રથમ સમૂહલગ્નમાં છ હિન્દુ અને એક મુસ્લિમ દંપતીએ નવા જીવનની શરુઆત કરી હતી.કંપનીના એમડી ઈન્દર જયસિંઘાણી અને ડિરેક્ટર રાકેશભાઈ તલાટીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમૂહલગ્નમાં દરેક દંપતીને ૯૨ વસ્તુનું કરિયાવર આપવામાં આવ્યું હતું. મુસ્લિમ યુગલે તેમની ધાર્મિક પરંપરા અનુસાર નિકાહ અદા કર્યા હતા, જ્યારે હિન્દુ યુગલોના લગ્ન વૈદિક રીતિ-રિવાજ પ્રમાણે સંપન્ન થયા હતા. ૨૫,૦૦૦થી વધુ કર્મચારીને રોજગારી આપતી આ કંપની સ્થાનિક લોકોને પ્રાધાન્ય આપવા માટે જાણીતી છે. એક યુનિટથી શરૂ થયેલી આ કંપની આજે હાલોલ વિસ્તારમાં ૧૫ યુનિટ ધરાવે છે અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકી છે.સમૂહલગ્નનો વરઘોડો એમ.એસ. હાઈસ્કૂલથી નીકળીને ગોધરા રોડ સ્થિત વી.એમ. હાઈસ્કૂલ ખાતેના લગ્ન મંડપમાં પહોંચ્યો હતો. નવદંપતીઓના પરિવારજનોએ કંપનીના આ સામાજિક અભિગમની પ્રશંસા કરી હતી. કંપની સંચાલકોએ તમામ નવદંપતીઓને આશીર્વાદ આપી, સુખી દાંપત્યજીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.